PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 5, Year: 71, August 2026, Pages: 52, Price Rs. 7.00



|| શ્રી પરમાત્માય નમઃ ||

## શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી ના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧
મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨ / ૦૯૮૨૫૪ ૧૪૪૭૦
સ્થાપના વિ. સં. ૧૯૬૨
ઇ. સ. ૧૯૦૬ રજી નં. - ૧૭૪૪
Tust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**
૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
સેન્ટ્રલ સિનેમાની પાછળ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ઓફીસ ફોન : ૨૩૮૭ ૮૪૭૬
મોબાઈલ : ૯૮૨૦૦ ૭૮૭૭૨

## ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૬ (૧૨ - મહિના) માં કરેલ કાર્યની યાદી

મોટા જીવો / નાના જીવો
તથા
બકરીને અભયદાન - ૨૫૪૯

ઘાસચારો - ૮૩૮૪૦ કિલો
ગોળ - ૩૬૯૦ કિલો

| | | |
|---|---|---|
| Bank Name | : | AXIS BANK LTD. |
| A/c. Name | : | JIVDAYA FUND |
| A/c. No. | : | 921010033621820 |
| IFSC | : | UTIB0002274 |
| Branch | : | Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name | : | BANK OF INDIA |
| A/c. Name | : | JIVDAYA FUND |
| A/c. No. | : | 000120100001219 |
| IFSC | : | BKID0000001 |
| Branch | : | (Mumbai Main Br.) |

SCAN QR CODE FOR PAY

દાન એજ સફળ જીવન

લી. ટ્રસ્ટીગણ
પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

# પ્રમુખશ્રીની કલમેથી...



જય જિનેન્દ્ર

વરસાદની પ્રથમ ફૂવાર સાથે પ્રકૃતિ નવપલ્લવિત બને છે. અષાઢી મેઘોની શીતળતા મનને પ્રસન્ન કરે છે અને પર્યુષણ મહાપર્વના આગમનની પવિત્ર અનુભૂતિ હૃદયને ધર્મમય બનાવે છે. આશા છે કે આપ સૌ આ પવિત્ર દિવસોમાં આરાધના, સ્વાધ્યાય, સંયમ અને આત્મચિંતન દ્વારા જીવનને વધુ ઉજ્જવળ બનાવવાનો સંકલ્પ લઈ રહ્યા હશો.

જુલાઈની માસિક પત્રિકામાં જણાવ્યા મુજબ સંસ્થાને વધુ મજબુત તથા અનેક નવા વિચારો અને વિકાસ લક્ષી યોજનાઓના સ્વરૂપલક્ષે **પ્રથમ મણકો** આપ સર્વોની સમક્ષ રજુઆત કરું છું.

આજે ખૂબ આનંદ સાથે એક એવા પ્રકલ્પનો પરિચય કરાવું છું, જે માત્ર યોજના નથી, પરંતુ સમાજને ફરીથી એક પરિવાર તરીકે જોડવાનો એક હૃદયસ્પર્શી પ્રયાસ છે

**''પરિવાર સેતુ''**

છેલ્લાં ૧૨૪ વર્ષથી આપણી ઝાલાવાડી સભાએ સમાજને સંગઠિત રાખવાની અમૂલ્ય પરંપરા જાળવી રાખી છે. સમયના પરિવર્તન સાથે કેટલાક પરિવારો છેલ્લા ૨૦ / ૨૫ વર્ષથી સમાજની મુખ્ય પ્રવૃત્તિઓથી દૂર થયા છે. હવે સમય છે તેમને ફરી પ્રેમ, વિશ્વાસ અને આત્મીયતાના બંધનથી જોડવાનો.

**પરિવાર સેતુ એટલે...** એક સંબોધન... એક લાગણી... એક પરિવાર... એક સમાજ.

આ પ્રકલ્પ અંતર્ગત અમે વિવિધ પરિવારોના વડીલો અને સભ્યોને રૂબરૂ મળી તેમની સાથે સંવાદ કરીશું, તેમના વિચારો જાણીશું અને ફરીથી સમાજ સાથે સ્નેહનો સેતુ બાંધવાનો પ્રયાસ કરીશું.આગામી દિવસોમાં શ્રીમતી સંધ્યાબેન બિપીનભાઈ શાહ, શ્રીમતી શ્રુતિબેન મયંકભાઈ શાહ અને શ્રી હેમાંશુભાઈ જવાહરભાઈ વોરા આપનો સંપર્ક કરશે. તેમની સાથે પરિવાર સેતુની ટીમ પણ જોડાશે, જેથી આપણે સૌ સાથે મળીને આ સુંદર પહેલને સફળ બનાવી શકીએ.

જ્યારે પણ અમારી ટીમ આપનો સંપર્ક કરે ત્યારે આપનો સ્નેહભર્યો સહકાર મળશે તેવી મને પૂર્ણ આશા છે.

સમાજનું સાચું બળ તેના સભ્યોની હાજરી, ભાગીદારી અને પરસ્પર લાગણીમાં રહેલું છે. તેથી સમાજના દરેક કાર્યક્રમમાં પરિવાર સાથે ઉપસ્થિત રહેવાનો પ્રયત્ન કરશો. આપની હાજરી સમાજની એકતા અને સંસ્કારની સૌથી મોટી શક્તિ છે.

**અનિવાર્ય સંજોગોને લીધે છેલ્લા બે વર્ષથી ચાર્તુમાસનું આયોજન ન થયું પરંતુ આનંદ અને હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે આપણા નાલાસોપારાના ઉપાશ્રયમાં શ્રી લીંબડી ગોપાલ સંપ્રદાયના મહાસતીજી પ. પૂ. અભિષાજી મહાસતીજી તથા પ. પૂ. પૂજાજી મહાસતીજી પધાર્યા છે ચાલો, આપણે સૌ તેમની નિશ્રામાં રહીને આરાધના, ભાવના, સ્વાધ્યાય અને સંયમથી આ ચાતુર્માસને આધ્યાત્મિક ઉન્નતિનું પર્વ બનાવીએ.**

કેન્સર એક એવી બીમારી છે કે જેનો ફેલાવો ખુબજ થયો છે કેન્સર માટે આપણે બીજું તો શું કરી શકીએ પણ પરિવારમાં જ્યારે કેન્સર આવે છે ત્યારે તેની કેમો થેરાપી, તેની દવા વગેરેનો ખર્ચો ખૂબ મોટો થાય છે આપણે લાયન્સ ક્લબ ઑફ સાયન સાથે મળી ને કેમો થેરાપી ની ટ્રીટમેન્ટ ફ્રી કરવામાં આવે એવી આપણે તેમની સાથેની તૈયારી કરી છે કેમો થેરપી ની દવા તમારા ડૉક્ટર રેકમેન્ડ કરે તે આપણે લાવવાની રહેશે. અને આ ટ્રીટમેન્ટ આપવાનું ટોટલ ફ્રી થશે કેમો થેરેપી ની દવા પણ ખુબજ મોંઘી છે તમે અમને નામ આપશો તો ઓરિજિનલ સપ્લાયર પાસેથી સારામાં સારી રીતે તેનું ડિસ્કાઉન્ટ પણ કરાવી આપશું અને જેને ન પરવડતું હોય તેને સભા તરફથી મદદ પણ કરશું આ આપણે આપણું સ્વાસ્થ્ય માટેનું પહેલું પગલું ભરીએ છીએ.

અમારી કાર્યકારિણીનો સંકલ્પ છે કે દર મહિને સમાજના હિત માટે એક નવો અને ઉપયોગી પ્રકલ્પ શરૂ કરીએ. ડિજિટલ યુગને ધ્યાનમાં રાખીને અમારી ડિજિટલ વોલન્ટિયર્સ ટીમ પણ સતત સેવા માટે કાર્યરત છે. પત્રિકામાં તેમના સંપર્ક નંબર આપવામાં આવ્યા છે. સમાજના કોઈપણ સભ્યને માર્ગદર્શન, માહિતી કે સહાયની જરૂર હોય તો નિ:સંકોચ તેમનો સંપર્ક કરશો.

આવનારું પર્યુષણ મહાપર્વ આપણને ક્ષમા, કરુણા, મૈત્રી અને સમભાવનો અમૂલ્ય સંદેશ આપે છે. ચાલો, આપણે સૌ આ મૂલ્યોને જીવનમાં ઉતારીને વધુ સંગઠિત, સંસ્કારી અને પ્રગતિશીલ ઝાલાવાડી સમાજના નિર્માણમાં સહભાગી બનીએ.

આપ સૌને પર્યુષણ મહાપર્વની હાર્દિક શુભકામનાઓ.

સ્નેહાભિવાદન સાથે,

**પંકજ સંઘવી**

ટ્રસ્ટી અને પ્રમુખ

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

॥ नमो नाणस्स ॥

શ્રી પી. એમ. ફાઉન્ડેશન ટ્રસ્ટ - રાજકોટ

# પૂ. શ્રી ધીરગુરુદેવ સંપાદિત

## GD જૈનાગમ શ્રુતનિધિ

अर्धमागधी - संस्कृत - हिन्दी - ગુજરાતી - English

**અગ્રિમ સભ્યપદ યોજના : ₹11000/-**

શ્રુતરસિક શ્રી,

સાદર જયજિનેન્દ્ર




જૈનધર્મદિવાકર પૂજ્ય શ્રી ઘાસીલાલજી મ.સા.એ ૮૩ વર્ષ પૂર્વે આગમ બત્રીસીનું કાર્ય ચાર ભાષામાં (અર્ધમાગધી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી)માં કરેલ.

વર્તમાનમાં શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં English સહિત પાંચ ભાષામાં સંપાદન કાર્યનો શુભારંભ થયેલ છે.

**પ્રકાશનના લાભાર્થી : માલિનીબેન કિશોરભાઈ સંઘવી પરિવાર**

દરેક સંઘો, શ્રાવકો વગેરે અગ્રિમ સભ્ય યોજનામાં જોડાશે તેઓને પુસ્તકો મોકલવામાં આવશે. 'દશવૈકાલિક સૂત્ર ભાગ : ૧' પ્રકાશિત થઈ ગયેલ છે. વહેલા તે પહેલાના ન્યાયે સભ્ય બની શકશો.

જ્ઞાનપ્રેમી દાતાઓ સંઘોને, લાયબ્રેરીઓને, સંત-સતીજીઓને જૈનાગમ સેટ અર્પણ કરીને જ્ઞાનદાનનો લાભ લઈ શકાશે.

**GD જૈનાગમ સેટ અર્પણ : ₹11000/-ના ગુણાંકમાં 1 | 5 | 9 | 11 | 27**

Bank Details - SHREE P. M. FOUNDATION TRUST Bank Name : ICICI Bank, Savings A/c. A/C. No - 655301701626 | IFSC Code - ICIC0006553
C/o. Shri Jash-Prem-Dheer Sankul, 5 Vaishalinagar, Raiya Road, Rajkot-360007.
બેંકની સ્લીપ મોકલવા. Mo. +91 99792 32357 | E-mail : pm.vaiyavachch@gmail.com

નામ : ____________________

એડ્રેસ ____________________

PIN ______ Mo. ______

₹ ______ ચેક / ડ્રાફ્ટ / રોકડા સહી ______

વિગત : સ્લીપ ભરીને What'sApp કરવો. Mo. 9979232357



માતુશ્રી મુક્તાબેન જયંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
(Reg. NO 23022 M)
MAYUR STEEL CORPORATION
(૧૧૦૭ યોગી ટાવર, યોગી નગર,એક્સર રોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ -૯૨)
D/9 Shop No.5, Yogi Laxmi C H S Yoginagar Eksar Road, Borivali (W), Mumbai - 400091
Mob: 09820177209 / 09820810782 / 96199 34543
● mehtamayursteel@gmail.com ● Bhavya mehta : bhavya@mayursteel.com



Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશનના ઉપક્રમે

### સભાના ઈતિહાસમાં સૌ પ્રથમ દરિયા કિનારે સુંદર મજાનું

સેનેટોરિયમ બનાવવા માટે

## શ્રીમતી આરતીબેન અભયભાઈ દાદભાવાળા પરીવાર

(મુળવતન : સુરેન્દ્રનગર - હાલ : મુંબઈ)

દ્વારા **રૂા. બે કરોડ** ના માતબર અનુદાનનું વચન પ્રાપ્ત થયેલ છે.

જન્મ
૨૨-૧૧-૧૯૫૯



અરિહંતશરણ
૧૧-૦૬-૨૦૨૬



## શ્રીમતી ધીરજબેન યશવંતલાલ દાદભાવાળા

પુત્ર : દર્શક અભયભાઈ દાદભાવાળા
પુત્રવધૂ : અ.સૌ. હીમાબેન દર્શકભાઈ દાદભાવાળા
પુત્રી : દીશા અભયભાઈ દાદભાવાળા
ડોલી અભયભાઈ દાદભાવાળા

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ માટે હર્ષ અને ગૌરવ

બોટાદ નિવાસી હાલ બોરીવલી ડૉ. પરાગભાઈ ચંપકલાલ અજમેરાને તબીબી ક્ષેત્રે તેમના અદ્વિતીય અને અનુપમ યોગદાન બદલ તારીખ ૦૫/૦૭/૨૦૨૬ના રોજ મુંબઈ સમાચાર દ્વારા પ્રદાન કરવામાં આવેલ પ્રતિષ્ઠિત 'ધન્વંતરી એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ સન્માન માત્ર શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા માટે જ નહીં પરંતુ સમગ્ર જૈન સમાજ તથા તબીબી જગત માટે ગૌરવ અને આનંદની પળ સમાન છે. છેલ્લા ૩૫ વર્ષથી તેઓ તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા રહી અસંખ્ય જરૂરિયાતમંદ દર્દીઓને નિઃસ્વાર્થ ભાવથી વિના મૂલ્યે તેમજ રાહતદરે સારવાર આપી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

ડૉ. પરાગભાઈ અજમેરાનું વ્યક્તિત્વ તેમની નમ્રતા, સરળતા અને સૌજન્ય માટે પણ એટલું જ પ્રસિદ્ધ છે જેટલું તેમની તબીબી કુશળતા માટે છે. ઉચ્ચ પ્રતિષ્ઠા અને વ્યસ્ત વ્યવસાયિક જીવન હોવા છતાં તેઓ હંમેશા વિનમ્ર અને સહજ સ્વભાવ ધરાવે છે, જેના કારણે દર્દીઓ તથા સમાજના દરેક વર્ગમાં તેઓ વિશેષ આદર અને સ્નેહના પાત્ર બન્યા છે. તબીબી ક્ષેત્રમાં તેઓ ખાસ કરીને તેમના સચોટ અને નિપુણ નિદાન માટે જાણીતા છે, જેના કારણે અસંખ્ય દર્દીઓને યોગ્ય સમયે યોગ્ય સારવાર પ્રાપ્ત થઈ છે અને તેમના પ્રત્યે લોકોનો અતૂટ વિશ્વાસ અને શ્રદ્ધા નિર્માણ પામી છે.

બોરીવલી સ્થિત તેમની અરિહંત મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં તેઓ તમામ ફિરકાના સાધુ-સંતોને નિઃસ્વાર્થ ભાવથી સંપૂર્ણપણે વિનામૂલ્યે તબીબી સેવા પ્રદાન કરી રહ્યા છે, જે તેમની ઊંડી ધર્મભાવના અને વૈયાવચ્ચ પ્રત્યેની અવિચળ નિષ્ઠાનું પ્રતિબિંબ છે.

ડૉ. પરાગભાઈનો સમગ્ર પરિવાર પણ તબીબી ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ અને પ્રતિષ્ઠા ધરાવે છે. તેમના પત્નીઅલ્પાબેન, પુત્ર રોનક, પુત્રવધૂ ફોરમ, દીકરી કૃપા અને જમાઈ રાહુલ મોદી  તમામ તબીબી ક્ષેત્રે ઉચ્ચ ડિગ્રી ધરાવે છે અને સમગ્ર પરિવાર ધર્મ, સેવા અને સંસ્કારના મૂલ્યો સાથે ગાઢ રીતે જોડાયેલો છે.



ધન્વંતરિ અવૉર્ડ સ્વીકારતા ડૉ. પરાગ સી. અજમેરા

તબીબી ક્ષેત્ર ઉપરાંત સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પણ તેમનું યોગદાન અવિસ્મરણીય અને પ્રેરણાદાયી રહ્યું છે. તેઓ શ્રી મૂળજીનગર વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, બોરીવલી (પશ્ચિમ) ના પ્રમુખ તરીકે અનેક વર્ષોથી સુચારૂ વહીવટ, સમર્પિત સેવા અને દુરંદેશી નેતૃત્વ દ્વારા સંઘને નવી ઊંચાઈઓએ પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

બૃહદ મુંબઈના જૈન સંઘોમાં તેઓ એવા વિરલ વ્યક્તિત્વ ધરાવતા પ્રમુખ છે, જેઓ એક પ્રતિષ્ઠિત તબીબ હોવા ઉપરાંત જૈન ધર્મના સિદ્ધાંતો અને તત્ત્વજ્ઞાનનું ઊંડું જ્ઞાન ધરાવે છે. મહાસંઘ દ્વારા આયોજિત ૧૮ ધાર્મિક શ્રેણીની પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરીને તેમણે પોતાના ધાર્મિક અભ્યાસ અને સમર્પણનો ઉત્તમ પરિચય આપ્યો છે.
તેમનો દૈનિક જીવનક્રમ પણ અત્યંત અનુસરણીય છે. પ્રત્યેક સવારે ફરજિયાત સામાયિક કરવું તથા વડીલ માતા-પિતાને વંદન કરવું તેમના જીવનના અભિન્ન સંસ્કારો છે, જે તેમની વિનમ્રતા, સંસ્કારિતા અને ધર્મનિષ્ઠાનું જીવંત પ્રતિબિંબ છે.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા ડૉ. પરાગભાઈ અજમેરાના આ અવિસ્મરણીય યોગદાનને હૃદયપૂર્વક બિરદાવે છે અને પરમાત્મા પાસે તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય તથા વધુ ને વધુ લોકકલ્યાણકારી કાર્યો માટે શક્તિ અને સફળતાની મંગલકામનાઓ વ્યક્ત કરે છે.

તેઓ આવનારી પેઢીઓ માટે સેવા, સમર્પણ, ધર્મ અને માનવતાના આદર્શ પ્રેરણાસ્ત્રોત બની રહે તેવી શુભભાવનાઓ સાથે તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.

**શ્રી ઝાલાવા ડી સ્થા. જૈન સભા**
**ટ્રસ્ટી, હોદેદારો તથા કારોબારી સભ્ય**



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ઑગસ્ટ ૨૦૨૬
વર્ષ : ૭૧ : : અંક : ૫
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**
**ઑફિસના કામકાજનો સમય**
**સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦**



*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*


# એક અમારો ભારત દેશ




એક અમારો ભારત દેશ
ભાષા ભલે ભિન્ન હો એમાં
ભલે જુદા હો એમાં વેશ.... એક અમારો.

જુદા રિવાજો, રૂચિ ને રાગો,
જુદાજુદા છે લોક અનેક,
આત્મા તો પણ એક જ એમાં
યાદ રહે એ વાત હંમેશ... એક અમારો

નદી પ્રવાહો, અનેક એમાં,
અનેક ડુંગર, તીર્થ અનેક,
નગરો ગામો, જીલ્લા, રાજ્યો
તો પણ ભેદ ન લાગે લેશ... એક અમારો

એક જ ધરતી એક જ લોહી
ઋતુ ને કુદરત એની એક,
એક જ લગની એક ભાવના,
એક જ માથાના સૌ કેશ... એક અમારો

**– શ્રી યોગેશ્વરજી**

# કેવળ પોતાને માટે

હરિશ્ચંદ્ર

એ ચેખવ, મોપાંસા, કે હેમિંગ્વેને જ વાંચતો. કહેતો, —'હિંદી મારી માતૃભાષા જરૂર છે. પણ જ્યાં ઈંગ્લિશ પહોંચી છે ત્યાં હિંદીને પહોંચતાં વરસો લાગશે.'

માતૃભૂમિ વિશે કહેતો—'કમનસીબ છું કે યુરોપ-અમેરિકામાં ન જન્મ્યો. ત્યાં જ્યારે માણસ ચંદ્ર ઉપર પગ મૂકે છે, ક્યારે અહીં હજી ચાંદ્રાયણ વગેરે વ્રત ચાલે છે. ગંગા-જમનાનાં મટમેલાં પાણીમાં ડૂબકી દઈ માણસો વધારે ગંદાં બને છે. બાધા-આખડી રાખે છે અને ભાગ્યમાં માને છે !'

મા હતી પ્રાથમિક શાળાની શિક્ષિકા. રોજ એને કોન્વેન્ટમાં મૂકી ભણાવવા જતી. ૧૦ વરસનો થયો ત્યારથી કહેતો, 'મા, તું જા. હું એકલો સ્કૂલે જઈશ.' મા ન માનતી.

ત્યાર બાદ મોટો થતાં એક સપનું એ વારંવાર જોતો-જાણે પોતે ઝપાટાભેર દોડી રહ્યો છે, પાછળ મા ઘસડાતી બૂમ પાડી રહી છે, 'રાજુ, થોભ ! ઉતાવળે ના દોડ. પડી જશે. વાગશે. રાજુ, સાંભળ તો... !' પણ એ દોડયે જ જતો - માનો પીછો છોડાવવા.

મા કેવી મૂર્ખ છે ! દુનિયા ક્યાંની ક્યાં પહોંચી છે, અને આ મૂરખ સ્ત્રી પતિના બીજી સ્ત્રીઓ સાથેના સંબંધોને સહી નથી શકતી. અને છતાં એ જ પતિના નામ પર સતી પણ થતી રહી છે. પિતા વ્યવહારુ છે. નહીં તો સામાન્ય શિક્ષકમાંથી પ્રિન્સિપાલ શી રીતે બનત ? મકાન પણ બનાવી લીધું છે. માને બોલાવે છે. પણ મીણ જેવી મા આ બાબતમાં સખત પથ્થર જેવી બની જાય છે. એટલું સારું છે કે એક સમાધાન કરી લીધું —પિતાના પૈસે રાજુને એન્જિનિયર બનાવવામાં આડી ન આવી. જો કે આડી આવી હોત તો પણ રાજુ ક્યાં સાંભળવાનો હતો ? રુડકી એન્જિનિયરિંગ કૉલેજ માટે ઘર છોડવું પડ્યું ત્યારે માની આંખમાંથી આંસુની અખંડ ધારા વહી રહી હતી. ઘડીભર રાજુને થયું, માનાં આંસુ લૂછું. પણ ના, એવા પોચલિયા થયે કેમ પરવડે ?

એ ભણતો હતો તે દરમ્યાન જ મા ચાલી ગઈ. માના મૃત્યુ પછી જ એ માને કાંઈક કાંઈક સમજી શક્યો હતો. પણ જીવવાની એક ચોક્કસ ફિલસૂફી તેના મનમાં ઘર કરી ગઈ હતી—એક સુખી, આરામદાયી જિંદગી જોઈએ. કશી રોકટોક નહીં, કોઈ બંધન નહીં, પોતાના મનનો પોતે રાજા. જીવવું કેવળ પોતાને માટે !

એન્જિનિયર થયો, મોટી નોકરી મળી. કોઈ વસ્તુનો એને બાધ નહોતો. યેનકેન પ્રકારેણ એને ટોચ પર પહોંચવું હતું. પિતાએ પોતાની પાસે બોલાવ્યો. એમને પણ લખી દીધું — 'તમારી અત્યાર સુધીની મદદ માટે ધન્યવાદ ! પણ મારે પોતાની રીતે, કેવળ પોતાને માટે જ જીવવું છે...મારી પાછળ તમને કેટલો ખર્ચ થયો છે ? લખજો. ચૂકવી દઈશ.'

ધીરે ધીરે એક ગાયનેકોલોજિસ્ટ ડૉ. રીટા વેદ સાથે એને પરિચય થયો. બંનેના વિચારોમાં ઘણું સામ્ય હતું. રીટામાં નારીત્વની કુમાશ ઓછી, અને બુદ્ધિની ધાર ભારે તીક્ષ્ણ. રાજુ સામે એક ચેલેન્જ હતી. પણ એ કોઈ વાતમાં હાર માને એવો નહોતો. છેવટે ત્રણ-ચાર મહિને બંનેએ સિવિલ મેરેજ કર્યાં. રજિસ્ટ્રારની કચેરીમાં ડૉક્ટર રીટા અને એન્જિનિયર રાજુ પતિ-પત્ની બન્યાં.

રાજુ મધુરજનીનાં સપનાંમાં મહાલતો હતો ત્યાં રીટાએ ધડાકો કર્યો : 'આઈ એમ સૉરી, રાજુ ! તને કહેવાનું જ ભૂલી ગઈ. આજે એક સીઝેરિયન કેઈસ છે. શેઠ રતનલાલને તું ઓળખે છે. એમ. પી. છે. એમની ત્રીજી પત્નીને ત્રીજું બાળક આવવાનું છે. બે દિવસથી વેણ ઊપડી છે. મને લાગે છે, આજે છૂટાછેડા થશે. કેવી કમનસીબી કે આજે મારે તારાથી દૂર રહેવું પડશે. રાતે પણ કદાચ મોડું થાય. તું ખોટું નહીં લગાડે ને ?'

'શું તું આ કેઈસ બીજાને ન સોંપી શકે ?'

'શેઠ પૂરા પાંચ હજાર આપવાના છે. વળી, આ મારો પહેલો મોટો કેઈસ છે. તેમાં સફળતા મળે તો ડૉ. રીટાનું નામ શહેરમાં પંકાઈ જાય,' આટલું કહેતાં રીટાના હોઠથી આંખ સુધી એક આત્મકેન્દ્રી ઉલ્લાસ ઊછળી રહ્યો.

'ના, રીટા ! પાંચ હજાર મારી પાસેથી લઈ લેજે. આજે તને નહીં જવા દઉં.'

'ગાંડો થા મા ! મધુરજની આપણે એક દિવસ મોડીયે ઊજવી શકીશું. અને જો ! એ સાચું કે હવે આપણે એક થયાં. છતાં હજીયે આપણે પોતપોતાને માટે પહેલાં, એક-બીજાને માટે પછી. મેં તો આવી સમજણથી જ લગ્ન કર્યાં છે. મારી નામપ્લેટમાં મિસને બદલે મિસિસ થશે, પણ અટક એની એ ચાલુ રહેશે. મારો જુદો ફ્લેટ પણ કાયમ રાખીશું. ડૉક્ટરનો ધંધો. રાતવરત મોડી આવું. તને તકલીફ નહીં. તારું હંમેશાં સ્વાગત છે, ડીયર ! પણ હું ફ્રી હોઉં ત્યારે.'

ડૉ. રીટા સાથે રાજુનું દાંપત્ય જીવન ''સરસ'' ચાલી રહ્યું છે. હવે તો એ વરસ થઈ ગયું. કોઈ અભાવ નહીં, કે ફરિયાદ નહીં. અથવા ફરિયાદની કોઈ ગુંજાઈશ નહીં.

છતાં કોણ જાણે કેમ રાજુ એક પ્રકારની મનોયાતના ભોગવી રહ્યો છે. એ યાતના એ એકલો જ સહન કરે છે. રીટાને કદાચ તેનો ખ્યાલેય નહીં હોય. રાજુને ઘણી વાર મા સાંભરે છે. બીજાને માટે તડપી-તડપીને એ મરી ગઈ. એ ભૂલ હતી. પણ તો ''કેવળ પોતાને માટે'' જીવી રહેલ એ શા માટે તડપવા લાગ્યો છે ? શું એ પણ ભૂલ છે ?...

(શ્રી દીપ્તિ ખંડેવાલની હિંદી વાર્તાને આધારે)

❖❖❖



# સિંહાસન

ઝવેરચંદ મેઘાણી

ધારા નગરીને માથે પરદુખ્ખભંજન રાજા ભોજનાં રાજ ચાલે છે. ભેરવોનાં માથાં ભાંગે એવો ચોગરદમ ફરતો ગઢ ઊભ્યો છે. ચાર દિશાએ ચાર દરવાજા: ચોરાશી બજાર : ચોપન ચૌટાં : લખપતિઓની હવેલીઓનાં ઈંડા આભમાં અડે છે. ચારે પહોર ચોઘડિયાં વાગે છે. સાંજરે મશાલો થાય છે. અને ઉજેણીમાં તો કોઈ દુખ્ખિયું ન જડે.

એક સમે રાજા ભોજે આજ્ઞા કરી કે ''હે બધસાગરા, આપણે અલકમલક તો જોયા, પણ હવે મારે ઓતરાખંડ જોવો છે.''

''ખમા ઉજેણીના ધણીને ! જેવી મહારાજની મરજી.'' એટલું બોલીને બધસાગરે બે પાણીપંથા ઘોડાને માથે પીતળિયાં પલાણ માંડ્યાં. હથિયાર-પડિયાર બાંધીને રાજા-પ્રધાન હાલી નીકળ્યા. હાલતાં હાલતાં ઉજેણીના સીમાડા વળોટવા જાય છે ત્યાં તો આઘેથી એક કઠિયારે સાદ દીધો કે ''એ ભાઈ, મારે માથે ભારો ચડાવશો ?''

''બધસાગરા ! કોઈક દુખિયારો ડોસો : માથે ભારો ચડાવી શકતો નથી. હાલો, એને મદદ કરીએ.''

એમ બોલીને રાજા પાસે ગયા. જુએ ત્યાં છાંટોય લોહી ગોત્યું ન જડે એવો બ્રાહ્મણ: અસલ હાડપિંજર જોઈ લ્યો ! મોઢે માખીઓ બણબણે છે. નાકે લીંટ જાય છે. ખંભે વરતડીના કટકા જેવી જનોઈ ધબેડી છે. એવા બ્રાહ્મણને જોઈને રાજા બોલ્યા : ''અરે હે ગોર દેવતા ! આવી દશા ?''

''ખમા બાણું લખ માળવાના ધણી ! છું તો બ્રાહ્મણ, પણ આ તારી ઉજેણીમાં -

નવાનગરને નમો ! નમો !
શેરીએ શેરીએ ભમો ભમો !
કોઈ કે' નૈ કે જમો જમો !

એવા હાલ છે. ઘરની ગોરાણી ગાળ્યું દઈને ભળકડે તાંબડી પકડાવી લોટે ધકેલતી. દીવાટાણે પાછો વળતો. પણ ઘરે કળશી એક છોકરાં કિયાંવિયાં કરતાં મને પીંખી નાખતાં: બે રોટલાનોયે લોટ નહોતો થાતો.''

''અરે ધિક્કાર ! ધિક્કાર ! ધિક્કાર ! બ્રાહ્મણનો દીકરો : ખંભે જનોઈ પડી છે, તોયે લાકડાં વાઢવાં પડે ! બિચારો વેદ-ભાગવત ક્યારે વાંચે ? સંધ્યાપૂજા ક્યારે કરે ? લ્યો મહારાજ ! સવા લાખ રૂપિયાની આ ચિઠ્ઠી. અમારે ખજાનેથી લઈ આવજો; કહો સ્વસ્તિ.''

''સ્વસમ્ ! હે રાજા, સ્વસમ્ !''

''મહારાજ, અરધી સ્વસ્તિ કાં કહી ?''

''હે રાજા, સવા લાખ રૂપિયા તો કોઈક અડબોત મારીને આંચકી જાશે. તે ટાણે તેમને કયાં ગોતવા આવું ? જમીનનો એક કટકો આપો તો મજૂરી કરીને ગદર્યે જાશું.''

ત્યાં એક વાડી હતી. ત્રાંબાનું પતરું મંગાવી ત્યાં ને ત્યાં પેઢી દર પેઢીના દસ્તાવેજ લખી આપ્યા. ન પાળે તેને માથે ચાર હત્યા લખી. બ્રાહ્મનાં દાળદરને દરિયાને સામે કાંઠે નાખી દીધાં. કડડડ ! ધૂબ ! ભારો ભોંય પર નાખીને ''સ્વસ્તિ ! હે રાજા, સાત સ્વસ્તિ !'' કહેતો બ્રાહ્મણ ચાલ્યો ગયો.

ડણણણ...ણ કરતાં ઘોડાં હાંકતા રાજા અને બધસાગરો હાલી નીકળ્યા. મુલક પછી મુલક જોવા માંડ્યા. જ્યાં હાથીને ગળી જાય એવાં મોટાં ગરજાં થાય છે : જ્યાં સૂરજ સામી હાંડલી ધરતાં જ ફસ ફસ કરતાં ધાન ચડી જાય છે : જ્યાં માનવીની કાયા ઉપર રીંછડાંના જેવા વાળ ઊગે છે : જ્યાં નર અને નારી બેયનાં શરીર જોડેલાં જ અવતરે છે : જ્યાં ઢોલને ઢમકે પાણી નીકળે છે : એવી એવી ભાતભાતની ભોમકામાં દેશાટન કરીને બરાબર વરસ દિવસે રાજા-પ્રધાન પાછા ઘર દીમના વહેતા થયા.

ચોમાસું ઊતરીને આસો મહિનો બેઠો છે. કેડાને કાંઠે એક ખેતર ઊભું છે. માંહીં અસવાર સોતાં ઘોડાં પર ગેબ થઈ જાય એવા લીલુડા મોલ ઝોલે ચડયા છે, અને ઊભાં ડૂંડાં ફાટી જાય એવો બાજરો લચકી પડ્યો છે. ખેતરની વચાળે મેડો છે અને મેડા ઉપર એક આદમી ઊભો ઊભો હાથમાં ગોફણ લઈને ''હો ! હો !' કરતો વૈયાં ઉડાડે છે. એ જોઈને રાજાએ પૂછ્યું :

''અરે હે બધસાગરા, આવું ખેતર કોનું ! પોર તો આંહીં બોરડીનાં જાળાં ઊભાં'તાંને !''

''મહારાજ ! આ ખેતર તો ઓલ્યા બામણને કૃષ્ણાર્પણ કર્યું હતું તે.''

ત્યાં તો ''ઊભા રહેજો ! એ મહારાજ ! ઊભા રહેજો ! જાય એને બ્રહ્મહત્યા ! ગૌહત્યા ! ચાર હત્યા !'' એવા સાદ પાડીને મેડે ઊભેલો માટી બોલાવવા માંડ્યો. જઈને જુએ ત્યાં તો વરતડીના કટકા જેવી જનોઈ ધબેડી છે, ધડાકમાન તુંબડું કાખમાં રહી ગયું છે, હાથમાં જતરડો છે, અને ''હો ! હો !'' કરીને વૈયાં હોકારતો બામણ ઊભો છે. દોડીને બામણ બોલ્યો કે ''હે મહારાજ, પાંચ ડૂંડાં પોંકનાં લેતા જાવ.''

રાજા કહે : ''ગોર ! અમારે તો દીધાં

દાન રુધિર જેવાં.''

''તો હું કપાળી કરું. માથું ફોડું.''

બધસાગરો કહે : ''મહારાજ, આપણે સપાઈ-સપરાને આપી દેશું. પણ બામણનું વેણ રાખો.''

મેડેથી ઊતરીને બામણ ખેતરમાં જાય છે. એક હાથમાં દાતરડું રાખીને બીજે હાથે એક ડૂંડૂં ઝાલી માથું હલાવે છે. મનમાં વિચાર કરે છે કે, ''અહોહોહો ! આ ડૂંડૂં તો સારા ખેતરનું સરદાર ! આના ઉપર દાતરડું શે' હાલે !''

બીજું ડૂંડું હાથમાં લીધું. માથું હલાવી મનમાં બોલ્યો : ''અહોહોહો ! આ તો ઓલ્યા કૂંડાનું જ ભાઈ ! વાઢતાં જીવ શે' હાલે'

રાજા પાસે આવીને બામણે માથું ખંજવાળતાં ખંજવાળતાં કહ્યું : ''મહારાજ ! આણીકોર લોંઠિયાં લણી ગ્યાં, ઢોર ખાઈ ગ્યાં, બગલાં ચણી ગ્યાં ! તમને અલાય એવું એકેય ડૂંડૂં હાથ આવતું નથી.''

મોઢું મલકાવીને રાજા-પ્રધાન ચાલતા થયા. વળી પાછો બામણ મેડે ચડ્યો. અને મેડે ચડતાં વાર જ એણે હાકલા માંડ્યા કે ''પાછા વળો, મા'રાજ ! પાછા વળો, ચાર હત્યા છે તમને ! પોંક લેતા જાઓ.''

વળી પાછા રાજા બામણની પાસે આવ્યા એટલે બામણ કહે : ''મહારાજ, ઊભા રો', આથમણી દશ્યે ડૂંડાં ઊભાં છે, એમાંથી વાઢી દઉં.''

એમ કહીને બામણે દાતરડું ઝાલ્યું. આથમણી બાજુએ ડૂંડાં વાઢવા ઊતર્યો. એક પછી એક ડૂંડૂં હલાવીને નિસાસો નાખ્યો કે, ''ઓહોહો ! આ તો સારા ખેતરનું સરદાર ડૂંડૂં !... આ વળી એનું જ ભાઈ ! શે' વઢાય ?''

આવીને વળી પાછો ગરીબડો થઈ બોલવા માંડ્યો : ''મા'રાજ ! ઈ પડખેય લોંઠિયાં લણી ગ્યાં, ઢોરાં ચરી ગ્યાં; તમને અલાય એવું એકેય ડૂંડું જ ન મળે, બાપજી !''

મોં મલકાવીને રાજા ભોજ હાલી નીકળ્યા. ત્યાં તો વળી મેડે ચડીને બામણ બૂમ પાડે છે કે ''પાછા વળો, લેતા જાઓ, ચાર હત્યાંના પાપ !''

રાજા પૂછે છે કે ''અરે હે બધસાગરા ! આ તે શી સમસ્યા ! બામણ મેડે ચડે છે ત્યાં સમદરપેટો બની જાય છે, અને હેટે ઊતરે છે ત્યાં જીવ વાઘરીવાડે વહ્યો જાય છે, એ વાતનો કાંઈ મરમ જાણ્યો ?''

''મહારાજ ! એ તો જગ્યા-બદલો !'' હસીને બધસાગરે જવાબ વાળ્યો.

''એટલે શું ?''

''હે રાજાજી, એ તો જગ્યા જગ્યાના પ્રભાવ સમજવા. જે ઠેકાણે બામણનો મેડો ઊભો છે, તે ઠેકાણે ધરતીમાં નક્કી માયા દાટેલી પડી હશે, અને કાં કોઈ મહા દાનેશ્વરી રાજાનું થાનક હશે; એટલે મેડે ચડતાં જ બામણનું મન મોટા રાજેશ્વર જેવું બની જાય છે, પણ નીચે ઊતરે છે ત્યાં પાછો બામણનો બામણ થાય છે.''

''અને તમારું ભાખ્યું ખોટું પડે તો ?''

''તો તમારી તરવાર ને મારું ડોકું.''

બામણના મેડા તળેની ધરતી રાજા ભોજે ખોદાવી. ખોદે, ત્યાં ઠણીંગ કરતો કોદાળીનો ઘા રણકારો કરી ઊઠ્યો. બીજે ઘાએ તીકમનું પાનું કોઈક કડામાં પરોવાઈ ગયું હોય એમ લાગ્યું. ચોગરદમથી ખોદે, ત્યાં તો એક-બે-ત્રણ-ચાર એમ સાત ચરુ માયાના નીકળ્યા. ને તેની નીચે ખોદે ત્યાં તો જ...અ...બરું એક સિંહાસન !

સાતે ચરુની માયા રાજા ભોજે ગરીબગુરબાંને વહેંચી દીધી, ઢોરને રોટલા નીર્યા, અને સિંહાસનને સાફસૂફ કરાવી પોતાના દરબારમાં મેલાવ્યું, તો ઝળહળ તેજનાં પ્રતિબિંબ પડી ગયાં. ચારે ભીંતો ઉપર હીરા માણેક મોતીના રંગ ચીતરાઈ ગયા. સિંહાસનને ફરતી બત્રીસ પૂતળીઓ ઝગમગી ઊઠી.

''આવા દેવતાઈ સિંહાસન ઉપર તો અમે જ બેસશું,'' એમ કરીને જે ઘડીએ રાજા ભોજે સિંહાસનના પે'લા પગથિયા ઉપર પોતાનો પગ મેલ્યો, તે જ ઘડીએ ''મા ! હે રાજા ભોજ ! મા !'' એવા ગેબી અવાજો સંભળાણા અને ઝણણણ એવા ઝણકારા કરતી બત્રીસે પૂતળીઓએ પોતાના રૂમઝૂમતા હાથ ઊંચા કર્યા.

''અરે ! આ સિંહાસનને અમે ખોદીને બહાર કાઢ્યાં, સાફસૂફ કર્યા, શણગાર્યાં, અને આજ માંહીંથી આ માકારા કોણ કરે છે !''

ઝણણણ કરતી બત્રીસે પૂતળીઓ નાચવા માંડી, બત્રીસેના હોઠ ખડ ! ખડ ! ખડ ! હસી પડ્યા.

''હે પૂતળીઓ, તમે કોણ છો ? કેમ હસો છો ? આ બધોશો ભેદ છે ? બોલો !'' ઝબકીને રાજા ભોજ સિંહાસન સામો થંભી ગયો, એટલે એ વખતે-

પહેલી પૂતળી બે હાથ જોડીને ઊભી રહી. એને વાચા આવી. માનવીની વાણી કાઢીને એણે જવાબ દીધો:

''હે રાજા ભોજ ! અમે બત્રીસે જણી તારા વડવા રાજા વીર વિક્રમની રાણીઓ હતી. આ સિંહાસન અમારા સ્વામીનાથનું છે. માટે હે બાપ ! જો વિક્રમના જેવાં કામાં કર્યાં હોય તો જ બેસજે; નીકર તું તપીશ નહિ.''

''હે માતા ! વિક્રમ રાજાનાં કામાં કેવાં હતાં ? હું તો જાણતો નથી.''

''સાંભળ, બાપ ! વિક્રમે તો વિધાતાના લેખમાંયે મેખ મારી હતી.'' એમ કહીને પહેલી પૂતળીએ વાર્તા માંડી.

❖❖❖

# કૌન રોતા હૈ કિસી ઔર કી ખાતિર અય દોસ્ત ! સબકો અપની હી કિસી બાત પે રોના આયા

**ડૉ. શરદ ઠાકર**

ડૉ. પાઠક એ મિત્રના ફાર્મ હાઉસ પર પાર્ટી માણી રહ્યા હતા. સાથે પત્ની ડૉ. સુલભા પણ હતી અને દસ વર્ષનો દીકરો તેજ પણ હતો. એમને બાદ કરતાં બાકીના બધા મિત્રો નોન-મેડિકલ ક્ષેત્રના હતા. કોઈ બિઝનેસમેન, કોઈ ઍડ્વોકેટ, કોઈ સી.એ. તો કોઈ બિલ્ડર.

માહોલ બરાબર જામ્યો હતો ત્યારે ડૉક્ટરનો મોબાઈલ ફોન ટહુકી ઊઠ્યો. નર્સિંગ હોમમાંથી ફોન હતો. ફરજ ઉપરની નર્સ કહી રહી હતી : 'સર, એક ડિલિવરી કેસ આવેલ છે.'

ડૉ. પાઠક મસ્તીના શિખર ઉપર બિરાજમાન હતા, તેમાંથી નિરસતાની તળેટીમાં આવી ગયા. ગમે તેવો ફરજપરસ્ત ડૉક્ટર હોય પણ છેવટે તો માણસ જ ને ? પત્ની અને પુત્રની મજાનો વિચાર કરીને એમને લાગ્યું કે જો આ પેશન્ટને ટાળી શકાય તેમ હોય તો પ્રયત્ન કરી જોઈએ. એમણે નર્સને પૂછ્યું, 'ઈમરજન્સી કેસ છે કે આપણે ત્યાં નામ નોંધાવેલું છે ?'

'આપણો રજિસ્ટર્ડ કેસ છે, સર ! ખાસ તમારા માટે જ આપણી પાસે આવ્યાં છે. આ પહેલી જ પ્રસૂતિ છે. પહેલાં ત્રણ વાર પ્રેગ્નન્સી રહી હતી, પણ ત્રીજા મહિને એબોશર્ન્સ થઈ ગયાં હતાં. એ પછી તમારી ટ્રિટમેન્ટથી આ વખતે સંઘ કાશીએ પહોંચ્યો છે...'

નર્સ જૂની હતી માટે જ આ રીતે વાત કરી શકતી હતી. એણે જે હિસ્ટ્રી જણાવી



એના લીધે ડૉ. પાઠકના દિમાગમાં ઝબકારો થઈ ગયો, 'આઈ સી ! ત્યારે તો એમ કહો ને કે સારંગી આવી છે.'

'હા, સર !' નર્સે જવાબ આપ્યો.

ડૉ. પાઠકે પૂછ્યું, 'તમે એની તપાસ કરી ? શું લાગે છે ? ઈઝ શી ઈન લેબર ?'

'યસ સર ! શી ઈઝ ઈન લેબર. સર્વાકલ ડાઈલેટેશન આઠ સે.મી. છે અને દર્દ પણ સ્ટ્રોંગ છે. તમે આવો છો ને ?'

'અફ કોર્સ, આઈ એમ કમિંગ, સિસ્ટર. દુનિયાની કોઈ પ મહેફિલ મારા પેશન્ટના બાળકથી વધારે મહત્ત્વની નથી; એમાં પણ સારંગી માટે તો આ મોસ્ટ પ્રેશિયસ પ્રેગ્નન્સી છે. જો હું હાજર ન હોઉં અને ડિલિવરીમાં કશુંક આડુંઅવળું થઈ જાય તો મારું તો માત્ર નામ બગડે પણ સારંગીની આખી જિંદગી ખરાબ થઈ જાય. હું આવું છું. સિસ્ટર, તમે પેશન્ટની પાસેથી એક મિનિટ પૂરતાંયે આઘાં-પાછાં ન થશો.'

મિત્રોની માફી માંગીને ડૉ. પાઠક ઊભા થઈ ગયા. પત્ની અને બાળકને સાથે લીધાં. પાર્કિંગ એરિયામાંથી ગાડી બહાર કાઢી. એમના મનમાં વિચારોનાં ટોળાં ઊમટી રહ્યાં હતાં, ગણતરીઓની વણઝઆર ચાલવા માંડી હતી. ગર્ભાશયનું મુખ આઠ સે.મી. જેટલું ખૂલી ગયું છે એવું સિસ્ટરે કહ્યું હતું. સામાન્ય રીતે સુવાવાડ થવા માટે એમની પાસે દોઢથી બે કલાકનો સમય ગણી શકાય. ફાર્મ હાઉસ અમદાવાદથી ચાલીસ કિ.મી. દૂર આવેલું હતું. રસ્તો ખરાબ હતો. એટલે શહેર સુધી પહોંચવામાં જ એકાદ કલાક નીકળી જવાની શક્યતા હતી. એમનું નર્સિંગ હોમ શહેરમાં દાખલ થવાના 'પૉઈન્ટ'થી છેક સામેની તરફ આવેલું હતું. ત્યાં પહોંચવા માટે આખું શહેર વીંધવું પડે તેમ હતું. એ દિવસે રવિવાર હતો, પણ સાથે સાથે તહેવાર પણ હતો. એટલે રસ્તાઓ ઉપર વાહનોની ભરચક ભીડ હોવાનીયે પૂરી સંભાવના હતી. ઉપરથી આ ટ્રાફિકનાં સિગ્નલો ! અમદાવાદમાં ક્યાંય પણ પહોંચવું હોય તો આ સિગ્નલોની માયાજાળ તમારા સમયપત્રકને ખોરવી નાંખે છે. સાત-આઠ જગ્યાએ લાલ સિગ્નલ્સ નડે તો પંદરેક મિનિટ એમ જ વેડફાઈ જાય. સારંગીનું બાળક જન્મ લેતું હોય ત્યાં સુધીમાં માંડ પહોંચી શકાય !

દિમાગમાં વિચારો ચાલતા હતા, ખાડા-ટેકરાવાળા માર્ગ ઉપર કાર ચાલતી હતી. જે સ્પીડમાં દોડતી હતી એના માટે 'દોડતી' ન કહેવાય, 'ચાલતી' હતી એમ જ કહેવાય !

પૂરો સવા કલાક નીકળી ગયો ગુરુદ્વારા સુધી પહોંચતાં ! ત્યાં ફરી પાછો નર્સિંગ હોમમાંથી ફોન આવ્યો. નર્સ જ હતી. કહી રહી હતી, 'સર,' ક્યાં પહોંચ્યા ? સર્વિક્સ ફુલ્લી ડાઈલેટેડ લાગે છે. બાળકનું માથું..'

'સિસ્ટર, મને આવતાં હજુ પોણો કલાક લાગી જશે. તમને ડિલિવરી કરાવતાં ફાવશે ને ?'

'હા, પણ...' નર્સ અચકાતી હોય એવું લાગ્યું, 'પેશન્ટનાં સગાં બહાર ઊભાં ઊભાં

તોફાન મચાવે છે. તમારા નામની રટ લગાવી રહ્યા છે. એમને સમજાવવાનું કામ અઘરું છે. એમાં પણ જો હું ડિલિવરી કરાવીશ અને બાળક ન બચે તો એ લોકો મારો જીવ...'

ડૉ. પાઠકને પણ પરસેવો વળી ગયો. એમણે સેલફોન બાજુમાં બેઠેલી વાઈફને આપી દીધો. પોતે ગાડી ભગાવવા માંડ્યા. પત્નીને સૂચના આપી, 'તું આપણા પરિચિત ગાયનેક મિત્રોને ફોન કરી જો; કોઈ તાબડતોબ પહોંચી શકે તેમ હોય તો વિનંતી કર.'

કોઈ ન મળ્યું. આજે બધા જ મિત્રો હળવાશ માણતા હતા. ડૉ. પાઠક પાસે હવે બે જ ઉપાયો બચ્યા હતા; એક, ગાડીને પૂરપાટ વેગે દોડાવીને વહેલી તકે મંઝિલે પહોંચી જવું અને બીજો ઉપાય, પોતે પહોંચે તે પહેલાં સારંગીની સુવાવડ થઈ ન જાય એવી ભગવાનને પ્રાર્થના કરવી.

ત્યાં એક અણધારી અડચણ ઊભી થઈ ગઈ. જે માર્ગ એમણે શોર્ટ કટ માનીને લીધો હતો ત્યાં ફ્લાયઓવરનું બાંધકામ ચાલી રહ્યું હતું. સવારે જતી વખતે ડૉ. પાઠક આ રસ્તેથી ગયા ન હતા. બાજુમાંથી સાંકડી પટ્ટી જેવો રસ્તો જતો હતો, પણ એ આટલાં બધાં વાહનો માટે પૂરતો ન હતો. કેટલીક ગાડીઓ આ જોઈને રિવર્સમાં પાછી આવી રહી હતી. આ અંધાધૂંધીમાં કીમતી એવી પંદર મિનિટ પસાર થઈ ગઈ.

ત્યાં સિસ્ટરનો ફોન આવ્યો, 'સર, હજુ કેટલી વાર ? બાળકના હૃદયના ધબકારા ધીમા ધીમા ચાલી રહ્યા છે. મને ચિંતા થાય છે, સર !'

'સિસ્ટર, હવે મને પણ સમજાતું નથી કે શું થશે ! પ્લીઝ, મને તમે એક પણ ફોન હમણાં ન કરશો. જે થવાનું હશે તે જ થશે. હું પહોંચી રહ્યો છું; વહેલો કે મોડો તે ભગવાનના હાથમાં છે.'

બીજી દસ મિનિટમાં ડૉક્ટરે સારું એવું અંતર કાપી નાખ્યું. ત્યાં એક એવી ઘટના બની ગઈ કે ડૉક્ટરને લાગ્યું : 'હું સમયસર પહોંચી શકીશ કે નહીં તેનો આધાર ભગવાન ઉપર નથી, પણ આ લોકો ઉપર છે.'

આ લોકો એટલે કોણ ? શહેરની ધોરી નસ સમાન રાજમાર્ગના એક ચોક્કસ ક્રોસ રોડ પાસે પોલીસનો મોટો કાફલો જોવા મળ્યો. પંદરમી ઑગસ્ટ નજીક આવતી હતી. આતંકવાદી હુમલાથી બચવા માટે તમામ વાહનોનું કડક ચેકિંગ ચાલતું હતું. દરેક ખૂણા પર એક-એક લાંબી પોલીસવૅન ઊભેલી હતી. દરેક વૅન પાસે આઠ-દસ પોલીસવાળા હતા. એક એક મહિલા પોલીસ કર્મચારી પણ હાજર રાખવામાં આવી હતી.

ડૉ. પાઠકના તો મોતિયા મરી ગયા. વાહનોની લાંબી કતાર જામેલી હતી. એક પોલીસ અધિકારી પથ્થર જેવો સખત ચહેરો લઈને 'વૉચ' રાખતા હતા. એક કોન્સ્ટેબલ વાહનચાલક પાસે ડૉક્યુમેન્ટ્સ માંગતો હતો. ત્રીજો વળી મેટલ ડિટેક્ટર લઈને ગાડીની અંદર ખાંખા-ખોળાં કરતો હતો.

'ઓહ્ નો, સુલભા ! હવે ડિલિવરી વખતે નહીં પહોંચી શકાય.' ડૉ. પાઠકે માથે હાથ દઈને ઉદ્ગાર કાઢ્યા. તે સાથે જ એમના મગજમાં વિચાર સ્ફુર્યો. ગાડીમાંથી ઊતરીને તેઓ પચાસેક વાહનો વટાવીને એક પોલીસ અધિકારી પાસે પહોંચી ગયા. શક્ય તેટલા ઓછા શબ્દોમાં રજૂઆત કરી. પછી પોતાને જવા દેવા માટે વિનંતી કરી. અધિકારી ન માન્યા.

'સૉરી, ડૉક્ટર ! અહીં ઊભેલી દરેક ગાડીને ક્યાંક પહોંચવાની ઉતાવળ છે. આ મામલો ટેરરિઝમનો છે. એમાં અમે કશી જ બાંધછોડ કરી શકીએ નહીં. ધીસ ઈઝ યોર પ્રાબ્લેમ, ડૉક્ટર, લેટ ઈટ નોટ બિકમ એ પ્રોબ્લેમ ફોર ધી નેશન !'

ડૉ. પાઠક ભાંગેલા પગે પાછા ફરવાની તૈયારીમાં હતા, પણ ત્યાં જ એક અવાજ સાંભળીને અટકી ગયા. એ અવાજ સ્ત્રીનો હતો. ત્યાં ઊભેલી એક મહિલા પોલીસ એના 'કડક' ઉપરી અધિકારીને ઉદ્દેશીને બોલી રહી હતી, એને જવા દો, સર ! હું આપને હાથ જોડીને વિનંતી કરું છું.'

'પણ..'

'પ્લીઝ, સર ! આ વાત તમે નહીં સમજી શકો. એક સ્ત્રીની પીડા બીજી સ્ત્રી જ સમજી શકે છે, સર ! વર્ષો પહેલાં હું પણ આવી જ પરસ્થિતિમાંથઈ પસાર થઈ ચૂકી છું. સંજોગો સહેજ જુદા હતા, પણ પરિણામ આવું જ હતું. ડૉક્ટર આળસના કારણે દસ મિનિટ મોડા પડ્યા અને મેં મરેલા બાળકને જન્મ આપ્યો. તમને આ માણસ ટેરરિસ્ટ જેવો લાગે છે ? જો એવું હોય તો તમે એના નર્સિંગ હોમમાં ફોન કરીને ચકાસી શકો છો. એક ડૉક્ટર કોઈને મારવા માટે નથી જતો હોતો, સર, એ તો કોઈને જિવાડવા માટે...'

અધિકારી માની ગયા. એનો ઈશારો થયો. હવામાં વ્હીસલો ગુંજી ઊઠી. લાલ-લીલા સિગ્નલોની ઐસી કી તૈસી કરી દેવામાં આવી. બધી જ દિશાઓનો ટ્રાફિક થંભાવી દેવામાં આવ્યો. તમામ પોલીસ સ્ટાફ અદબથી સલામ કરી રહ્યો. 'સ્ટેચ્યુ' જેવા રાજમાર્ગ પરથી ડૉક્ટરની કાર દેશના વડાપ્રધાનની ગાડીની અદાથી દોડી ગઈ. ડૉ. પાઠકે લેબર રૂમમાં પગ મૂક્યો તે પછી સાતમી મિનિટે આતંકવાદથી ઘેરાયેલા આ દેશમાં એક નવા આશાવાદનો જન્મ થયો.

❖❖❖

# ''તમારા પ્રશ્ન - નિષ્ણાતનો જવાબ''



# "Members' Legal & Tax Corner"

**CA Shri Mahendra Turakhia,**
**Email : zalawadilegalcorner@gmail.com**

**સભ્યો માટે નવા જ્ઞાન અને માર્ગદર્શનનો આરંભ**

અમને અત્યંત આનંદ થાય છે કે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા માસિક પત્રિકામાં સભ્યોના હિત માટે **એક નવી નિયમિત કૉલમ ''સભ્યોનો કાનૂની અને આવકવેરા માટેનું માર્ગદર્શન''** શરૂ કરવામાં આવી રહી છે.

**આ કૉલમમાં નીચેના વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવશે:**

*** આવકવેરો (Income Tax)**

*** કાનૂની બાબતો (Legal Matters)**

*** વારસાગત આયોજન (Succession Planning)**

*** વસિયતનામું અને મિલકત આયોજન (Will & Estate Planning)**

*** સહકારી ગૃહનિર્માણ સંસ્થા (Co-operative Housing Society) સંબંધિત પ્રશ્નો**

આપણા જીવનમાં ઘણી વખત આવા વિષયો અંગે પ્રશ્નો, શંકાઓ અથવા વ્યવહારુ મુશ્કેલીઓ ઊભી થતી હોય છે, પરંતુ યોગ્ય માર્ગદર્શન ક્યાંથી મેળવવું તે અંગે મૂંઝવણ રહેતી હોય છે. આ નવી પહેલ દ્વારા સભ્યો પોતાના સાચા પ્રશ્નો, શંકાઓ અને સમસ્યાઓ મોકલી શકશે.

અમને આનંદ છે કે આપણા સભ્ય અને જાણીતા **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સી.એ. શ્રી મહેન્દ્ર તુરખિયા** આ કૉલમ દ્વારા સભ્યોના પ્રશ્નોના જવાબ આપી પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ સમગ્ર સમાજને આપશે.

અમે તમામ સભ્યોને આ પહેલમાં સક્રિયપણે જોડાવા અને પોતાના પ્રશ્નો મોકલવા માટે હાર્દિક આમંત્રણ આપીએ છીએ. પ્રાપ્ત થયેલા પ્રશ્નોમાંથી સમાજના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને પસંદ કરાયેલા પ્રશ્નોના જવાબ માસિક પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે, જેથી તેનો લાભ વધુમાં વધુ સભ્યોને મળી શકે.

અમને વિશ્વાસ છે કે આ નવી પહેલ આપણા સભ્યો માટે માહિતીપ્રદ, જ્ઞાનવર્ધક અને અત્યંત ઉપયોગી સાબિત થશે.

**- મંત્રીઓ**

"New Knowledge & Guidance Column for Our Members"

We are delighted to announce the launch of a new regular column in the Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, **dedicated to helping our members with practical legal and financial matters.**

This column will cover topics such as:"

*** Income Tax**

*** Legal Matters**

*** Succession Planning**

*** Wills and Estate Planning**

*** Co-operative Housing Society Issues**

Many of us face questions and challenges in these areas but are often unsure where to seek reliable guidance. Through this initiative, members will have the opportunity to send their genuine queries, doubts, and practical problems related to these subjects."

We are pleased that our esteemed member, **CA Shri Mahendra Turakhia,** will guide our community by answering members' questions and sharing valuable knowledge through this column."

We encourage all members to actively participate by sending their questions. While every effort will be made to address as many queries as possible, **selected questions of wider interest will be answered in the Patrika for the benefit of the entire community."**

We hope this initiative proves to be informative, educational, and beneficial for all our members.

**- Secretaries**

પેટ ભરેલું હોય તો સૌ કોઈ આપે પણ, જે કોઈ આપે પણ, જે ભૂખ્યો રહી બીજાને આપે છે. તેજ સાચો દાની છે. દાન ને અંત જીવનનો વિકાસ ન થાય તો દાન નથી. લાખો રૂપિયા આપી હતા એવા ને એવા રહેનાર કરતાં પાઈ આપી. વિશ્વપ્રેમનો અનુભવ કરનાર એજ મહાન દાનેશ્વરી છે.

# પંચમ આરાનો પ્રાણ, સાધક જીવનનો ત્રાણ : દશવૈકાલિક સૂત્ર

પૂ. શુભેચ્છાકુમારી મહાસતીજી (લીંબડી અજરામર સંપ્રદાય)

**''શાસન સ્થાપક પ્રભુ મહાવીરે આપી મધુરી દેશના**
**ગણધરોએ અંતરે ઝીલી કરી દ્વાદશાંગીની રચના**
**આચાર્યોએ અર્ક આપ્યો આગમમાં સંઘની કરી ખેવના**
**સાધક તેને હૃદયે અવધારી રાખે મુક્તિની ચાહના.''**

જયવંતા જિનશાસનમાં ગાથારૂપ રત્નો છે, અધ્યયનરૂપ રત્નમંજુષા છે અને આગમરૂપી રત્નાકર છે. એક-એક આગમમાં શ્રુતજ્ઞાનના મહાન રહસ્યો ભર્યા છે. જેમાં 'દશવૈકાલિક સૂત્ર' મૂળસૂત્ર છે.

- બિંદુમાં સિંધુ એટલે - 'દશવૈકાલિક સૂત્ર.'
- મુનિજીવનની બાળપોથી એટલે - 'દશવૈકાલિક સૂત્ર.'
- નિર્દોષ અને નિખાલસ જીવનની હિતશિક્ષા એટલે - 'દશવૈકાલિક સૂત્ર.'
- સંયમજીવનની આચારસંહિતા એટલે - 'દશવૈકાલિક સૂત્ર.'
- પાંચમા આરાના અંતે 'દશવૈકાલિક સૂત્ર'ના ૧ થી ૪ અધ્યયનના આધારે ચાર જીવો એકાવતારી થશે - એક શ્રમણ, એક શ્રમણી, એક શ્રાવક અને એક શ્રાવિકા.
- હાલના સમયે, વડીદીક્ષા - છેદોપસ્થાપનીય ચારિત્ર (ઉપસ્થાપના વિધિ) 'દશવૈકાલિક સૂત્ર'ના ચોથા અધ્યયનથી અપાય છે.
- મનકમુનિ જેના થકી સંયમનો આસ્વાદ માણી ઉચ્ચગતિ પામ્યા તે છે 'દશવૈકાલિક સૂત્ર'

**'કોણ હતા દશવૈકાલિક સૂત્રના રચયિતા ?**
**શા નિમિત્તથી રચાયું દશવૈકાલિક સૂત્ર ?'**

આ અવસર્પિણી કાળમાં ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું શાસન જયવંતુ વર્તો. ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ૧૧ શિષ્યો ગણધરો થયા.

પહેલી પાટે સુધર્માસ્વામી થયા, બીજી પાટે જંબૂસ્વામી થયા, ત્રીજી પાટે પ્રભવસ્વામી અને ચોથી પાટે શય્યંભવ આચાર્ય થયા. જે શ્રુતકેવળી, આગમવિહારી અને ચૌદ પૂર્વધારી હતા. જેમણે 'બાળમુનિ મનક'ના આત્મશ્રેયાર્થે ૭૦૦ શ્લોક પ્રમાણ 'દશવૈકાલિક સૂત્ર'ની રચના કરી.

**નિમિત્ત બન્યું, પિતાનું પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય,**
**નિમિત્ત બન્યું, ગુરુનું શિષ્ય પ્રત્યેનું વાત્સલ્ય.**
**વાત્સલ્ય એ સમકિતનો આચાર છે.**

મોહ કર્મબંધનનું કારણ છે જ્યારે વાત્સલ્ય કર્મબંધનથી છોડાવનાર અનુપમ આરોગ્યવર્ધક ઔષધિ છે.

◆ **ઉપકાર સ્મરણમ્ : 'नमः सर्वोपकारिभ्यः ।'** દરેક જીવ આપણા ભૂતકાળના, વર્તમાનકાળના કે ભવિષ્યકાળના ઉપકારી છે. દશવૈકાલિક સૂત્રની રચના કરીને શય્યંભવાચાર્યે આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

રાજગૃહીનગરીમાં જન્મથી બ્રાહ્મણ એવા શય્યંભવ. પ્રકાંડ પંડિત અને વેદના જાણકાર... પણ ઊંડે-ઊંડે આત્મતત્ત્વની તત્ત્વજિજ્ઞાસા હતી. **'अहो कष्टं, अहो कष्टं, तत्त्वं न ज्ञायते परम्। -'** - કાનમાં પડેલા શબ્દો નિમિત્ત બન્યા. 'શબ્દોથી ભાવોના ઊંડાણને પામે છે.' અંતર વૈરાગ્યવાસિત બને છે. બિંદુમાં સિંધુ જેટલું જ્ઞાન પામીને અંતરાત્મા ઉલ્લસિત બને છે. ૨૮ વર્ષની ભરયુવાનીમાં સગર્ભાપત્નીને છોડી પ્રવ્રજ્યા અંગીકાર કરી. વિનય અને વૈયાવચ્ચના ગુણો કેળવી ગુરુના હૃદયમાં સ્થાન પામ્યા. જ્ઞાનના તીવ્ર ક્ષયોપશમથી ચૌદ પૂર્વધર બન્યા.

આ બાજુ પુત્રનો જન્મ થતા **'મનક'** નામ આપ્યું. આઠેક વર્ષના મનકે માતાને પૂછ્યું, મારા પિતા કોણ છે? અત્યારે ક્યાં છે? માતાએ અહોભાવ સાથે કહ્યું : ''બેટા! તારા પિતા જૈન મુનિ બની, આચાર્ય પદને શોભાવી રહ્યા છે.'' બાળક મનક જિજ્ઞાસાભાવે પિતા મુનિ પાસે આવે છે. શય્યંભવાચાર્યે પોતાના જેવી મુખાકૃતિ દ્વારા પોતાના પુત્રને ઓળખી લીધો. મનક હિતોપદેશ પામી, વૈરાગ્યભાવે દીક્ષિત થાય છે. શય્યંભવાચાર્યે શ્રુતજ્ઞાનની નિર્મળતાથી આયુષ્યની અલ્પતા જાણી, ચૌદપૂર્વમાંથી ઉદ્ધૃત કરી 'દશવૈકાલિક સૂત્ર'ની રચના કરી. મનકમુનિ છ માસનો સંયમ વળી, શ્રુત - ચારિત્ર ધર્મની આરાધના કરી, સમાધિભાવે સ્વર્ગવાસી બન્યા. જ્યારે બીજા શિષ્યોને ખબર પડે કે મનકમુનિ આચાર્ય પુત્ર છે. જ્યારે ખૂબ અફસોસ કરે છે કે અમે તેની સેવા લીધી પણ વૈયાવચ્ચ કરી ન શક્યા. ત્યારે જ્ઞાની અને ગંભીર ગુરુવર વાત્સલ્ય ભાવે અને આત્મ ઉત્કર્ષ અર્થે પિતા-પુત્રના સંબંધને ગુપ્ત રાખે છે.

**વિલક્ષણ નામ સ્મરણમ્ :** 'દશવૈકાલિક સૂત્ર' એ યથાર્થ નામ છે.

**ગણધર દ્વારા સંકલિત આગમને 'અંગપ્રવિષ્ટ' કહેવાય છે. જ્યારે પૂર્વધર આચાર્ય રચિત 'અંગબાહ્ય' આગમ કહેવાય છે. દશવૈકાલિક સૂત્ર પૂર્વધર રચિત હોવાથી 'અંગબાહ્ય' આગમ કહેવાય છે.**

*(વધુ આવતાં અંકે...)*

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

પરમ આદરણીય પિતાશ્રી શ્રી જયંતીલાલ મનસુખલાલ ગોપાણી ના ૯૭મા જન્મદિનના શુભ અવસરે, તેમના આશીર્વાદ અને પ્રેરણાથી 'આધારસ્તંભ યોજના'માં **રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ)** નું સવિનય અનુદાન અર્પણ કરવામાં આવે છે.



**શ્રી જયંતીલાલ મનસુખલાલ ગોપાણી**

**સૌજન્ય**

**સુપુત્ર : શ્રી રાજેશ જયંતીલાલ ગોપાણી**
**પુત્રવધૂ : શ્રીમતી જિગ્ના રાજેશ ગોપાણી**
**પૌત્ર : ચિ. મીત રાજેશ ગોપાણી**
**પૌત્રવધૂ : ચિ. ભવ્યા મીત ગોપાણી**

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦/-

- પિતાશ્રી મુગટભાઈ ગફલભાઈ દોશીની પુણ્યસ્મૃતિમાં, હસ્તે રૂપાબેન ઉપેનભાઈ, નૂતનબેન કિરીટભાઈ તથા ઉષાબેન (ઘાટકોપર)
- લીંબડી નિવાસી (હાલ - અંધેરી) (આનંદ) ભારતીબેન દિનેશભાઈ શેઠ તરફથી


**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ • ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

સંચાલિત

**શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા**

**OFFICE : 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**
**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM • Office Mobile No. 7208472884**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024
પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે

Zalawadi Sabha Charitable Foundation
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024
અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.

જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.

| પંચગીની /માથેરાન / દેવલાલી | સંસ્થાના મેનેજર | ડોનેશન - ફંડ /મેડિકલ સહાય | સુરેન્દ્રનગર અતિથિ ભવન |
|---|---|---|---|
| Online Query / New Member Patrika /Loan<br>શ્રી નિરવભાઈ શાહ<br>9819012468 | શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર/ સ્કુલ-કૉલેજ ફી<br>લોનાવલા<br>શ્રી મિલનભાઈ<br>9860125136 | સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ-શ્રી મિલનભાઈ તુરખિયા<br>9860125136 |

સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.

**સપ્ટેમ્બર ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર**

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫–૦૮–૨૦૨૬ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**સપ્ટેમ્બર ૨૦૨૬ ના અંક માટે કુલ ૫ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

રવિવારે તકલીફ ન આપવી.

સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી

તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.

Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.

Colour Page ની જાહેરખબર રાહ ન જોતા તરતજ મોકલાવો.

ફક્ત ૧૨/૧૬/૨૦ પાનાં જ લેવામાં આવે છે.

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યા બંધ છે, તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.

પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવો હોય તો વોટ્સએપ નં. 88508 30865 પર જુનુ/નવું સરનામું – મેમ્બરશીપ નં. અથવા અન્ય વિગત ફક્ત વોટ્સએપ પર જ મોકલવી. ફોન કરવો નહી.



# 'ઉરે ઉમટ્યો ઉદવેગ'

શરદ મણિયાર

છેવટે મમ્મી-પપ્પાના દુરાગ્રહ સામે સપનાનો હઠાગ્રહ ચાલ્યો નહીં અને મનમાં એક અલગ પ્રકારનો પૂર્વગ્રહ બાંધીને ધોલેરા સ્થિત મૌલિક સાથે એણે સંસાર માંડી લીધો. આમ તો જોકે મૌલિક દેખાવે થોડોક શ્યામવર્ણ હતો પણ એ સિવાય એ ખૂબ જ હસમુખ અને મિલનસાર સ્વભાવનો તથા ઉચ્ચ શિક્ષિત અને બાહોશ વ્યક્તિ હતો. એક આઈટી કંપનીમાં મોટો હોદ્દો ધરાવતો હતો. અને સૌથી વિશેષ એના સંસ્કારી અને ધાર્મિક પરિવારની સંપૂર્ણ ખાત્રી સપનાના કાકા હાર્દિકભાઈ જે તેમના પાડોશી હતા એમણે ખૂબ જ આત્મવિશ્વાસ સાથે આપી પછી તો સપના પાસે મૌલિકનું માગુ સ્વીકારવા સિવાય કોઈ અન્ય વિકલ્પ જ ન હતો. મીઠીબાઈ કોલેજમાં ભણેલી અને જુહુસ્કીમ જેવા એરિયામાં ઉછરેલી સપનાનાં મન ના માણીગર ની અપેક્ષા કંઈક જુદી જ હતી. પણ એના પપ્પા નું માનવું હતું કે આપણે વર જોવો જોઈએ નહીં કે એનું ઘર. કારણ કે વર માં જો હીર હશે તો એ નાના ઘરને પણ મહેલ બનાવી શકશે પણ મહેલનો રાજકુમાર જો મોળો હશે તો એ મહેલ માં તારો ઉધ્ધાર નહીં થઈ શકશે. એટલે મૌલિકની અન્ય વિશેષતાઓ સામે એના નાના શહેર ધોલેરા માં નાના ઘરને વધુ પ્રાથમિકતા આપતા સપનાને સામ, દામ, દંડ, ભેદ આપીને એની સાથે પરણાવી દીધી. અને એણે પોતાના મનમાં મૌલિક અને એના પરિવાર માટે એક સંકુચિત માનસિકતા ધરાવીને પોતાનું લગ્નજીવન શરૂ કરી દીધું. મૌલિકે પણ સંપૂર્ણ નિષ્ઠાથી સપનાને કોઈ વાતે ઓછું ન આવે એવા પ્રયાસો કર્યા. એમાં એનો સાથ પુરાવ્યો એના માયાળુ મમ્મી સરલાબેન અને પ્રેમાળ પપ્પા મહાદેવભાઈએ. સરલાબેન એક ખાનગી શાળામાં શિક્ષક હતા અને મહાદેવભાઈ એક કો-ઓપરેટીવ બેંકમાં આસિસ્ટન્ટ મેનેજરની જવાબદારી સંભાળતા હતા. તો પણ બંને પોતપોતાની રીતે સવારે ચા-નાસ્તો બનાવી અને સાથે લઈ જવાનું ટિફિન તૈયાર કરવાની જવાબદારી ક્યારે સપનાને માથે નહોતા થોપતા કારણ કે તેઓ જાણતા હતા કે પિયરમાં સપનાએ ક્યારે વહેલા ઊઠીને આવી કોઈ કામગીરી બજાવી નહતી. જોકે આ બાબત મૌલિક અને સપના વચ્ચે ક્યારેક થોડોક મતભેદ અને મનભેદ ઉપસી આવતો પણ સરલાબેન હંમેશા સપનાનો પક્ષ લઈને એ વિશે કોઈ વધુ વાદ વિવાદ થવા નહોતા દેતા. અને મહાદેવભાઈ તો સપના પર પોતાની સગી દીકરી ની જેમ જ વ્હાલ વરસાવતાં એટલે ત્રણ જણ ની સેના સામે મૌલિક હંમેશા પોતાના હથિયાર હેઠા મૂકી દેતો અને મનોમન પોતાના પરિવારની એકતા આવી રીતે જ અતૂટ રહે એ માટે સપનાની આવી ઘણી નાદાનીઓ સામે આંખ આડા કાન કરતો. તેમ છતાં લગ્ન જીવનના બે વર્ષ દરમિયાન સપના અવારનવાર કોઈ નાના મોટા બહાને પોતાના પિયરે જતી આવતી રહેતી. અને પ્રત્યેક વેળાએ પોતાના પતિ અને સાસુ સસરા પ્રત્યેની પોતાની નારાજગી વ્યક્ત કરતી રહેતી તો એના મમ્મી પપ્પા એને ખૂબ જ સારી રીતે સમજાવીને પાછા વળાવતા રહેતા. પણ આ વખતે સપનાના મન ના બળાપાએ બળવો કર્યો અને ઘરમાં સહુને સ્પષ્ટ પણે કહી દીધું કે એ હવે એના સાસરે પાછી નથી જવા માંગતી. અને પપ્પાને પણ પડકાર આપ્યો કે જો એવો એને પોતાના ઘરમાં નહીં રહેવા દે તો એ અન્ય ઠેકાણે પોતાનું ઘર લઈને એકલી રહેશે. સપનાના આવા આક્રમક વલણથી ઘરના સહુ હચમચી ગયા. અને સપનાએ વધુ આક્રમક થઈને મૌલિકને કહી દીધું કે એ હવે એની સાથે છૂટાછેડા લેવા માંગે છે. તો આ જાણીને મૌલિક અને એના મમ્મી પપ્પા દોડતા મુંબઈ પહોંચી ગયા અને ખૂબ જ વિનમ્રતાથી એને પોતાનો નિર્ણય પાછો લેવાની ભલામણ કરી પણ સપના પોતાની જીદ પર કાયમ રહી એટલે છ મહિનામાં એના છૂટાછેડા થઈ ગયા. પોતાની વ્હાલસોયી દીકરીના લગ્ન સંસારને આ રીતે ઉજાડી દેવામાં પોતે નિમિત્ત બન્યા એ લાગણીનો આઘાત અને સમાજમાં પોતાની બદનામીની ચિંતા દિપકભાઈ છ મહિનાથી વધારે નહીં જીરવી શક્યા અને એક દિવસ સવારે નાસ્તા ના ટેબલ પર જ ઢળી પડ્યા. પોતાના પતિને આ રીતે આકસ્મિક ગુમાવવાનો વસવસો સપનાની મમ્મી જ્યોતિબેન પણ જાઝો સમય નહીં ખમી શક્યા અને એક રાત્રે સપનાની અંધારમય ભવિષ્યની ચિંતા ના બોજ તળે તેઓ પણ સ્વર્ગે સિધાવી ગયા. જેમ તેમ કરીને થોડો સમય પસાર થયો ત્યાં એક દિવસ એનો

નાનો ભાઈ સૌરભ FACEBOOK પર એક અમેરિકન છોકરી સાથે મૈત્રી અને લગ્ન કરીને કાયમ માટે એની સાથે અમેરિકા ઉપડી ગયો. સપના તો જાણે સાવ નિરાધાર અને દિશાહીન થઈ ગઈ હોય એટલી હદે એ હતાશ થઈ ગઈ. મૌલિક સાથે છુટ્ટા પડ્યા બાદ ફક્ત બે વર્ષમાં તો જાણે શું થઈ ગયું. હવે પોતે તદ્દન એકલી પડી ગઈ હોવા છતાં કોઈ એની વહારે આવે એવું ન હતું. કારણ કે એની બધી ખાસ ખાસ બહેનપણીઓ પણ પોતપોતાના લગ્નજીવનમાં ઠરીઠામ થઈ ગઈ હતી. એટલે હવે સમય પસાર કરવાના હેતુ માત્ર થી એણે બે ત્રણ અલગ અલગ કંપનીઓમાં જોબ કરવાની કોશિશ કરી પણ ત્યાં પણ એણે અનુભવ્યું કે એ કંપનીઓના બોસ અથવા અન્ય સહકર્મચારીઓ એની એકલતાનો ગેરલાભ લેવા ઉત્સુક હતા.

આમને આમ જીવનની કશ્મકશ વચ્ચે ચાર વર્ષ વીતી ચુક્યા હતા અને એ દરમિયાન ઘણીવાર એને મૌલિકની યાદ આવતી રહેતી હતી. પણ હવે કયા મોઢે એનો સંપર્ક કરવો અને વધારામાં તો એણે જ મૌલિકનો નંબર બ્લોક કરી દીધો હતો. **facebook** ઉપર પણ એને અનફોલો કર્યો હતો તો હવે એની ભાળ ક્યાંથી કાઢવી એ એક મોટો પ્રશ્ન એને સતાવી રહ્યો હતો. પછી એને યાદ આવ્યું કે એના કાકા ની દીકરી શ્વેતા પાસે કદાચ એનો નંબર મળી શકે. એટલે એણે શ્વેતાને **What's App** પર સંપર્ક કરીને મૌલિકનો નંબર મેળવ્યો. અને એક રવિવારની ઢળતી સંધ્યાએ પોતાની સમગ્ર લાગણીઓ પર કાબુ રાખીને મૌલિક નો નંબર જોડ્યો. લગભગ ત્રણ ચાર રિંગ ગયા બાદ મૌલિક નો અવાજ સંભળાયો, 'હેલો'. અને જાણે સપનાનું હૃદય ધબકારા ચૂકી ગયું હોય એવું એને લાગ્યું. એક ક્ષણ માટે એ લગભગ મૂક બની ગઈ. તો ફરી પાછો મૌલિકનો અવાજ સંભળાયો. 'હેલો, હેલો'. એટલે હવે એ ફક્ત એટલું જ બોલી, 'હા હેલો'. અને તરત જ મૌલિકે ખૂબ જ ઉત્સાહ પૂર્વક એનો પ્રત્યુતર વાળ્યો, 'ઓહ, હાય સપના, કેમ છે તું અને ક્યાં છે ?' 'અરે મૌલિક તને મારો અવાજ હજુ પણ યાદ છે ?' સપના એકદમ આશ્ચર્યચકિત થઈને બોલી. પણ મૌલિકનો ઉત્સાહ ઘટતો જ ન હતો, 'અરે યાદ તો એ આવે જેને ભૂલી ગયા હોઈએ. તને તો હું કેમ કરીને ભૂલી શકું યાર ?'. અને હવે સપનાની બંને આંખોમાં ભરી પડેલો લાગણીઓનો પ્રવાહ ધોધ બનીને ઊતરી આવ્યો અને એ ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડી. તો મૌલિક એકદમ હેબતાઈ ગયો. 'અરે સપના, શું થઈ ગયું તને, કેમ આમ અચાનક રડી રહી છે ?'. પણ સપનાએ વધુ થોડીક ક્ષણ રડવાનું ચાલુ જ રાખ્યું એટલે મૌલિકે પણ એટલી પળ ધીરજ ધરી અને ફરી પાછી એને ઢંઢોળી, 'સપના પ્લીઝ તું હવે રડવાનું બંધ કર અને કહે કે તે શા માટે આટલા વર્ષો મને યાદ કર્યો ?' 'બસ ખરા હૃદયથી તારી માફી માંગવા.' સપનાએ ખૂબ જ મૃદુ સ્વરમાં જવાબ આપ્યો. ' અરે મેં તને ક્યારેય કોઈપણ કારણ થી દોષિત માની જ નથી તો તને માફ કરવાનું કોઈ કારણ જ નથી મારી પાસે, મને ખબર પડી હતી કે કઈ રીતે તારા મમ્મી પપ્પાએ તને દબાણપૂર્વક મારી સાથે પરણાવી હતી અને તું મારી સાથે કમ્ફર્ટેબલ ન હતી એટલે મારાથી તારે જુદા થવું એ તો તારો જન્મસિદ્ધ અધિકાર હતો જે તે નિભાવ્યો તો એમાં હું ક્યાંય તારો દોષ જોતો જ નથી. તો તારે એ બાબત માફી માંગવાની જરૂર પણ નથી'. મૌલિકનો આ વિનમ્ર જવાબ સાંભળીને હવે સપનાની હિંમત થોડી વધી, 'તો શું આપણે એકવાર મળી શકીએ ખરા ?'. 'હા ચોક્કસ, કેમ નહીં ?' મૌલિકે જવાબ આપ્યો અને આગળ ચલાવ્યું, 'પણ સપના હવે મારી જવાબદારીઓ ખૂબ જ વધી ગઈ છે કારણ કે હવે હું મારી કંપનીમાં વાઈસ પ્રેસિડેન્ટ બની ગયો છું, મારા પપ્પા બેંક મેનેજર થઈ ગયા છે અને મમ્મી એમની સ્કૂલમાં પ્રિન્સિપલ થઈ ગયા છે. એટલે હવે મારાથી ધોલેરા છોડીને મુંબઈ સુધી આવવું હાલ પૂરતું શક્ય નથી, તેમ છતાંય જો તું ધોલેરા આવી શકે તો મારા ઘરે તારું સ્વાગત છે'. આ સાંભળીને સપના એકદમ સ્તબ્ધ થઈ ગઈ અને મનોમન વિચારવા લાગી કે ચાર વર્ષના ટૂંકા ગાળામાં મૌલિકે અને એના પરિવારે કેટલી બધી પ્રગતિ કરી લીધી અને ત્યાં જ એને એના પપ્પાની કહેલી એ વાત યાદ આવી કે 'વર હશે તો ઘર પણ બનશે.' મૌલિકે ફરી પાછી એને ટકોરી, 'આપણા ઘરનું સરનામું એ જ છે પણ હવે ઘર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે'. 'એટલે હું કંઈ સમજી નહીં' સપનાએ એની મૂંઝવણ વ્યક્ત કરી. 'તારા ગયા ના બે વર્ષ બાદ આપણા ઘરનું રી ડેવલપમેન્ટ કરવામાં આવ્યું અને એ જગ્યાએ પંદર પંદર માળના બે ટાવર ઉભા કરવામાં આવ્યા એટલે અમે થોડા વધારે પૈસા ઉમેરીને એ જ ટાવરમાં સૌથી ઉપલા માળે એક ડુપ્લેક્સ ફ્લેટ ખરીદી લીધો.' સપનાને મન જાણે પડ્યા પર પાટુ પડ્યું એમ લાગ્યું. 'પણ સપના અગર જો તું થોડી વધુ ચોખવટ કર તો હું મારું હોમવર્ક તૈયાર રાખૂ કે તું હવે શા માટે મને મળવા માંગે છે'. મૌલિકે વિનમ્ર ભાવે સપનાને પૂછ્યું. પણ દોષિત લાગણી મનમાં ઘરેબીને બેઠેલી સપના કાંઈ જ ન બોલી શકી. તો મૌલિકે એક રસ્તો સુઝાડયો, 'તું ઉભી રહે, હું તને વિડિયો કોલ કરું છું તો આપણે એકબીજાને સ્પષ્ટ પણે જોઈ પણ શકીએ અને સમજી પણ શકીએ'. એમ

કહીને મૌલિકે ફરી પાછો વિડીયો કોલ લગાડ્યો. મોબાઈલના સ્ક્રીન પર જેવો મૌલિક પ્રગટ થયો તો એના ચહેરા પરની સુરખી એની સફળતાની સાક્ષી પુરાવતી હતી. એનો ચહેરો ખૂબ જ ભરાવદાર અને આકર્ષક લાગતો હતો અને એના ચહેરા પર વધેલી થોડી દાઢી જોઈને એ તરત બોલી, 'વાહ મૌલિક તું ખરેખર પહેલા કરતા ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યો છે'. તો તરત જ મૌલિકે પણ એટલા પ્રેમાળ સ્વરે જવાબ આપ્યો, 'અરે સપના તું પણ તો જો ને હજુ એટલી જ સુંદર લાગી રહી છે જેટલી સુંદર તું આપણા લગ્નના દિવસે લાગતી હતી'. સપના ના ચહેરા પર હવે થોડી ખુશી છવાઈ કે મૌલિક હજુ પણ એને એટલી જ પસંદ કરે છે. 'સપના' મૌલિકે આગળ ચલાવ્યું, 'તારા પપ્પાના અને બાદ તારી મમ્મીના દુ:ખદ સમાચાર મને મળ્યા ત્યારે મેં તને ફોન કર્યા હતા પણ તે મારો નંબર જ બ્લોક કરી દીધો હતો એટલે વાત ન થઈ શકી'. 'મૌલિક, તેઓ કુદરતી મોતે નથી મર્યા પણ મેં જ તેમને મારી નાખ્યા છે મારી નાદાની અને મૂર્ખામી થકી'. સપના ખૂબ જ ગંભીર સ્વરે બોલી તો મૌલિકે એને સાંત્વન આપતા કહ્યું કે, ' ના સપના, આ બધું તો બનવા જોગ હોય છે આપણે માત્ર નિમિત્ત જ બનતા હોઈએ છીએ એટલે તું તારી જાતને કોઈપણ રીતે દોષિત નહીં માન અને મને જણાવ કે હું શું કરી શકું છું તારા માટે ?'. હવે સપનાની હિંમત વધી અને ઉર ના ઊંડાણથી એના મુખે એક વાક્ય સરી પડ્યુ, 'શું તું ફરી પાછો મારી સાથે લગ્ન કરશે ?'. આ સાંભળીને મૌલિક એકદમ નિ:શબ્દ થઈ ગયો અને બંને વચ્ચે બે ક્ષણ માટે ચુપકીદી છવાઈ ગઈ. પણ સપનાની ધીરજ એકદમ ખૂટી ગઈ હતી એટલે એણે જ ચૂપકીદી તોડી, 'મૌલિક કેમ ચુપ થઈ ગયો ? પ્લીઝ જવાબ આપને. શું આપણે ફરી પાછા એક ન થઈ શકીએ ?'. હવે મૌલિક પોતાનું હૃદય વલોવીને બોલ્યો, 'સપના, મારી જિંદગીમાં તું એક માત્ર સ્ત્રી હતી જેને મેં ખરા હૃદયથી ચાહી હતી અને તું જ મારો પહેલો પ્રેમ હતી. પણ સંજોગો આપણાથી વિપરીત થયા અને આપણે જુદા પડ્યા બાદ પણ મેં લગભગ બે વર્ષ તારા હૃદયપલટા ની રાહ જોઈ પણ પછી ના છૂટકે મારા મમ્મી પપ્પા ના આગ્રહને વશ થઈને મમ્મીની એક ખાસ બહેનપણી વિમળા આંટી ની ફક્ત મેટ્રિક પાસ દીકરી રાજુલ સાથે લગ્ન કરી લીધા. રાજુલ તારા જેટલી શિક્ષિત અને સુંદર નથી પણ ખૂબ જ સંસ્કારી અને ધાર્મિક એ સ્ત્રીએ અમારા ઘરમાં કોઈ એવા શુકનમાં પગલાં પાડ્યા કે અમે બધાએ લગભગ ત્રણ વર્ષમાં આકાશને આંબી જાય એટલી પ્રગતિ કરી લીધી. અને અમારી જિંદગી બસ હવે પરિપૂર્ણ થઈ ગઈ. 'આ સાંભળીને સપના એકદમ આઘાતમાં સરી પડી અને એના ઉરે ઉમટેલા બધા અરમાનો ઉદ્વેગના આંસુ બનીને અનાધાર વહેવા લાગ્યા.

❖❖❖

## એનું નામ ભેજું !

મહારાષ્ટ્રના પ્રખર વિદ્વાન શ્રી રઘુનાથ પ. પરાંજપે પુણેની ફરગ્યુસન કૉલેજમાં ગણિત શીખવતા ત્યારે, વર્ગમાં કયો વિદ્યાર્થી બરાબર ધ્યાન આપે છે તે જોવા માટે ઘણીવાર એક યુક્તિ અજમાવતા : વર્ગના પાટિયા ઉપર પોતે ચાક વડે દાખલો ગણતા હોય તેમાં જાણીબૂજીને કોઈ રકમ કે આંકડો ખોટો માંડી દેતા. થોડી વાર લગી કોઈ વિદ્યાર્થી તે ભૂલ પકડે નહીં, તો પછી પોતે જ એ સુધારી લેતા. પણ ક્યારેક કોઈ વિદ્યાર્થી એવી ભૂલ પકડી પાડતો, ત્યારે અધ્યાપક પરાંજપે ખુશખુશાલ થઈ જતા, અને હાથમાંનો ચૉકનો ટુકડો પાટિયા ઉપર ફેંકીને બોલી ઊઠતા : ''ધેટ્સ ધ હેડ (એનું નામ ભેજું) !''

એક વાર નાતાલની રજાઓમાં વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન ચાલતું હતું. રમતગમત, સંગીત વગેરેની સાથે પોતાના પ્રોફેસરની નકલ કરી બતાવવાનો કાર્યક્રમ પણ વિદ્યાર્થીઓએ રાખેલો. તેમાં એક વિદ્યાર્થીએ પ્રોફેસર પરાંજપેની શિક્ષણશૈલીની નકલ કરવાનું બીડું ઝડપ્યું. સભાગૃહના તખ્તા પર એક કાળું પાટિયું મુકાવીને, એ પરાંજપે બોલતા તે ઢબે બોલીને પછી પાટિયા ઉપર કોઈ દાખલાના આંકડા માંડવા લાગ્યો.



પ્રેક્ષકો વચ્ચે બેઠેલા પરાંજપેસાહેબ તે ક્ષણે ઊભા થઈને પોકારી ઊઠ્યા કે, ''ભાઈ, તારી જરા ભૂલ થાય છે. પાટિયા પર દાખલા ગણતી વખતે હું વર્ગ તરફ એમ પીઠ ફેરવીને નહીં પણ જરા એક બાજુએ ફરીને ઊભો રહું છું, જેથી તમારા બધાના ચહેરા પણ જોઈ શકું.''

પળનાયે વિલંબ વિના તખ્તા પરના પેલા નકલ કરનારાએ પોતાના હાથમાંનો ચાકનો ટુકડો પાટિયા પર ફગાવ્યો અને પરાંજપે બોલતા એ રીતે હસીને કહ્યું, ''ધેટ્સ ધ હેડ !'' બીજાની નકલ કરવાના એ કાર્યક્રમમાં પહેલું ઈનામ કોને મળશે, તે વિશે પ્રેક્ષકોમાં હવે કોઈ સંદેહ રહ્યો નહીં.

❖❖❖

# વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **જૈનમ** | **દેવાંશી** | | |
| શ્રી યોગેશભાઈ નગીનદાસ વોરાના સુપુત્ર પાલીતાણા નિવાસી (હાલ-માટુંગા) | | | |
| શ્રી રાજેશભાઈ છબીલદાસ ચુડગરની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) | | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **ધ્રુવ** | **દર્શી** | | |
| શ્રી વિપુલભાઈ ચંદ્રકાંતભાઈ ભાટીયાના સુપુત્ર જામનગર નિવાસી (હાલ મલાડ, મુંબઈ) | | | |
| શ્રી જયેશભાઈ મણીલાલ શાહની સુપુત્રી દાણાવાડા નિવાસી (હાલ-મલાડ, મુંબઈ) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **નિમીત** | **રૂપાલી** | | |
| શ્રી સંજયભાઈ ધીરજલાલ શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ -બોરીવલી, મુંબઈ) | | | |
| શ્રી સુમેષભાઈ પ્રવીણભાઈ ઠક્કરની સુપુત્રી પાટણ નિવાસી (હાલ - બોરીવલી, મુંબઈ) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **પ્રતિક** | **નિધી** | | |
| શ્રી ચેતનભાઈ રમેશચંદ્ર શાહના સુપુત્ર રૂપાલ નિવાસી (હાલ - બોરીવલી) | | | |
| શ્રી બિપીનભાઈ બાપાલાલ પારેખની સુપુત્રી પાળીયાદ નિવાસી (હાલ - મલાડ) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **અર્પિત** | **હિરલ** | | |
| શ્રી જયેશભાઈ કાનજીભાઈ મારૂના સુપુત્ર (હાલ - બોરીવલી) | | | |
| શ્રી યોગેશભાઈ હસમુખલાલ શાહની સુપુત્રી ટુવા-સુરેન્દ્રનગર નિવાસી (હાલ - મલાડ) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **મિતાંશુ** | **નિશી** | | |
| શ્રી મિલિંદભાઈ સુરેશભાઈ શાહના સુપુત્ર ઉમરડા નિવાસી (હાલ - બોરીવરી) | | | |
| શ્રી કલ્પેશભાઈ મુળજીભાઈ શાહની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - બોરીવલી) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **મીત** | **મેઘના** | | |
| શ્રી નિલેશકુમાર પ્રવિણકાંત ગાંધીના સુપુત્ર લીંબડી (સૌકા) નિવાસી (હાલ - બોરીવલી) | | | |
| શ્રી ગોપાલકૃષ્ણ ગોવિંદ ગનીગાની સુપુત્રી ગાંગુલી (ઉડીપી) નિવાસી (હાલ - મીરારોડ) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **નિપૂણ** | **ઈશા** | | |
| શ્રી હરેશભાઈ છબીલદાસ દોશીના સુપુત્ર બોટાદ, સુરેન્દ્રનગર નિવાસી (હાલ -બોરીવલી) | | | |
| શ્રી શૈલેષભાઈ પ્રભુદાસભાઈ શાહની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - થાણા) | | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **ઋષભ** | **મૈત્રી** | | |
| શ્રી પંકજભાઈ અંબાલાલ ગોસલીયાના સુપુત્ર નાગનેશ નિવાસી (હાલ - બોરીવલી, વેસ્ટ) | | | |
| શ્રી વિક્રમભાઈ વિનુભાઈ અદાણીની સુપુત્રી દામનગર નિવાસી (હાલ - વસઈ, વેસ્ટ) | | ૬૦૦ | ૬૦૦ |
| **કૃણાલ** | **પેરી** | | |
| શ્રી સતીષભાઈ ચિમનલાલ શાહના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ - ભાયંદર) | | | |
| શ્રી મનીષભાઈ વલ્લભભાઈ કંસાગ્રાની સુપુત્રી ભાયાવદર નિવાસી (હાલ -ભાયંદર) | | ૬૦૦ | ૬૦૦ |
| **કમલ** | **રીધ્ધી** | | |
| શ્રી મુકેશભાઈ અંબાલાલ દોશીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - મલાડ) | | | |
| શ્રી દિલીપભાઈ લક્ષ્મીચંદ છેડાની સુપુત્રી લાયજા નિવાસી (હાલ - મલાડ) | | ૫૦૦ | ૫૦૦ |
| **જય** | **પ્રીયા** | | |
| શ્રી મનીષ ચંદુલાલ શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - બોરીવલી) | | | |
| શ્રી કલ્પેશભાઈ મણીલાલ શાહની સુપુત્રી સાપકડા નિવાસી (હાલ - કાંદિવલી) | | ૫૦૦ | ૫૦૦ |
| **પરાગ** | **દીના** | | |
| શ્રી હસમુખભાઈ ગુલાબચંદભાઈ દોશીના સુપુત્ર રાણપુર નિવાસી (હાલ - કાંદિવલી) | | | |
| શ્રી મહેન્દ્રભાઈ સેવંતીલાલ પટવાની સુપુત્રી ઉંજા (મહેસાણા) નિવાસી (હાલ - કાંદિવલી) | | ૩૫૧ | ૩૫૧ |




**સીનીયર સીટીઝન**

**રોજના ૧૦૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**

શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા
પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ
(ફોન કરવો નહી)

Advt.



# વિધાતાના લેખ !

ડૉ. આઈ. કે. વીજળીવાળા

'સાહેબ ! મારી આ વાત ખોટી પડે જ નહીં ! વિધિના લખ્યા લેખ મિથ્યા થાય જ નહીં. તમે જોજો ! આવું બાળક બચે જ નહીં ! તમે ડૉક્ટર રહ્યા એટલે આવું બધું ન માનો પણ મારી આ વાત સો ટકા સાચી છે !' બાળરોગ વિભાગના પટાવાળાએ જાણે એ અમારો નહીં પણ વિધાતાનો પટાવાળો હોય એવા વિશ્વાસ સાથે કહ્યું.

'કેમ છગનલાલ (નામ બદલેલું છે) એવું કહો છો ? તમે એમ કઈ રીતે કહી શકો કે આ બાળક નહીં બચે ? તમે તો તેના ડૉક્ટર નથી. તમે એના શરીરમાં ચાલતી ગરબડ અંગે પણ કંઈ જાણતા નથી. તો આટલા વિશ્વાસથી આવું શી રીતે કહી શકો ? બાકી ડૉક્ટર તરીકે હું એટલું તો માનું છું કે જો મહેનત કરીએ તો બધું જ શક્ય બની શકે. બાળકોને મોતના મોઢામાંથી પણ બહાર લાવી શકાય.' મેં કહ્યું. મને છગનલાલના વિશ્વાસથી ખૂબ જ આશ્ચર્ય થતું હતું. મેં એને પૂછ્યું, 'અને એક બીજી વાત છગનલાલ ! આ બાળક નહીં બચે તેવું તમે ક્યારના કહો છો પણ એ માટેની દલીલ શી છે તમારી પાસે ?'

'જુઓ સાહેબ ! છગનલાલે પોતનો તર્ક રજૂ કરતાં કહ્યું, 'એક તો હજુ બે દિવસ પહેલાં જ આ દોઢ મહિનાનું છોકરું એની માના હાથમાંથી પડી ગયું હતું. ત્યારે પણ એને નાકમાંથી લોહી નીકળ્યું હતું. બરાબર ! અને ગઈ કાલે એને ઘોડિયામાં સૂતેલું ત્યાં જ સાપ કરડી ગયો. હવે અમે બધા એવું માનીએ છીએ કે બાળક ઘોડિયામાં સૂતું હોય ત્યારે કોઈ દિવસ સાપ ન કરજે, તો આને શું કામ કરડ્યો ? અને જો ઘોડિયામાં સૂતેલા બાળકને સાપ કરડે તો એ ન જ બચે ! એટલે જ કહું છું સાહેબ ! કે આવડું આ છોકરું નહીં બચે !' પોતાનો પાયા વગરનો તર્ક જાણે કે કોઈ સનાતન સત્ય ન હોય તેમ છગનલાલે મારી સામે રજૂ કર્યો. એની આંખોમાં આ બોલતી વખતે ગજબનો વિશ્વાસ ડોકાતો હતો.

મને હસવું આવ્યું. આવી દલીલો જેમાં કંઈ પણ વજૂદ ન મળે એમાં વિધાતાના લેખનો ઉકેલ ક્યાંથી મળ્યો ? આ બધા તો અકસ્માતો કહેવાય અને અકસ્માતો કોઈ પણ જગ્યાએ થઈ શકે.

મેં છગનલાલને કહ્યું કે, 'અરે મારા ભાઈ ! આ તો ઍક્સિડન્ટ કહેવાય. અને આવું જોઈએ તો કોઈ બાળક ઘોડિયામાં તો શું ગમે ત્યાં હોય તોપણ સાપ કરડી જઈ શકે. એટલે આવી બધી ફાલતુ વાતો છોડો અને આ લો આ બાળકના લોહીનું સૅમ્પલ, તમે બ્લડબૅંક જઈને તરત આ બાળકના લોહી માટે વ્યવસ્થા કરો. અને જુઓ ! દર્દીના એક સગાને સાથે લઈ જજો. બ્લડબૅંકમાં લોહીના બદલામાં લોહી જમા કરાવવું પડશે.' મેં બાળકના લોહીના નમૂનાની બૉટલ છગનલાલના હાથમાં પકડાવતાં કહ્યું.

'ભલે તમે લોહી-બોહી ચડાવો. પણ આ છોકરું નહીં બચવાનું, જોજો !' પોતે કંઈ અગમવિદ્યા જાણતો હોય તેમ મારા હાથમાંથી લોહીનું સૅમ્પલ લેતાં લેતાં છગનલાલ બોલી ઊઠ્યો.

હવે મને કંટાળો આવતો હતો. મારાથી સહેજ ચીડ સાથે બોલાઈ ગયું. 'છગનલાલ ! હવે તમે બલ્ડબૅંક જવા માટે નીકળો છો કે નહીં ? અને રહી વાત આ છોકરાની. તો સાંભળો ! એનું જે થવાનું હશે તે થશે. તમે તમારે એ ચિંતા કર્યા વગર ઊપડો.' મને હવે ગુસ્સો આવી રહ્યો છે એ પામી જતાં છગનલાલે બ્લડબૅંક જવા માટે પ્રયાણ કર્યું. પણ જતાં જતાં પણ એ સાચો જ છે એવી જાણે મને ખાતરી ન કરાવતો હોય તેમ મારી સામે જોયું અને પછી ગયો.

હવે બન્યું હતું એવું કે આગલી રાત્રે અમારા વૉર્ડમાં દોઢ મહિનાના એક બાળકને દાખલ કરાયું હતું. જમણા હાથની ટચલી આંગળી પર એને સાપ કરડી ગયો હતો. આટલા નાનકડા બાળકને ઘોડિયામાં ઘૂસીને કોબ્રા પ્રકારના સાપે ડંગ માર્યો હતો. બાળકે ચીસ પાડી એટલે એનાં માબાપનું ધ્યાન પડ્યું. ઘોડિયામાં બાળકની સાઈઝ કરતાં પણ મોટો સાપ જોતાંવેંત માતા તો બેભાન જ થઈ ગયેલી. લાકડી વડે સાપને દૂર કરી બાળકને લઈને એ લોકા ભાગતા જ હૉસ્પિટલ આવેલા. બાળકને તો થોડીક ક્ષણોમાં જ ઝેરની અસર વર્તાવા લાગેલી. એનું શરીર સૂજવા લાગ્યું હતું. ડંખ પર દબાવેલ ગૉઝપીસ (પોતું) થોડી વારમાં જ ભીનું થઈ જવાને કારણે બદલવું પડતું હતું. દાખલ થયાના થોડાક કલાકોમાં જ બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગેલી. એના

લોહીના ટકા ઝડપથી ઘટતા જતા હતા. રક્તવાહિનીઓની અંદર જ લોહી તૂટવા માંડે તેને મેડિકલની ભાષામાં હિમોલિસિસ કહેવાય છે. આવું રક્તવાહિનીઓની અંદર થતું હિમોલિસિસ આ બાળકમાં શરૂ થઈ ગયું હતું. ઉપરાંત એની ડંખવાળી આંગળીમાંથી તો લોહી વહેવાનું શરૂજ હતું. આવા બાળકોને જો બહારથી લાહીં આપવામાં આવે તો એમની જિંદગી બચાવી શકાય છે.

અને એટલા માટે જ મેં મારા સિનિયરના આદેશ પ્રમાણે છગનલાલને આ બાળકના લોહીનું સૅમ્પલ આપીને મોકલ્યો હતો. બ્લડબૅંકમાંથી છગનલાલ લોહી લઈને આવે ત્યાર બાદ જ આ બાળક ભયમુક્ત થઈ શકે તેમ હતું. પણ કોઈ દિવસ નહીં અને આજે અમારો છગનલાલ અચાનક જ જાણે ત્રિકાળજ્ઞાની થઈ ગયો હતો ! વિધાતા એના કાનમાં આવીને કહી ગયા હોય તેમ એ છાતી ઠોકીને કહી રહ્યો હતો કે આ બાળક નહીં બચે ! આમ તો છગનલાલ સાવ સીધો અને મિતભાષી પટાવાળો હતો. પોતાના કામથી જ એને નિસ્બત. ક્યારેય અમારી કોઈ જ વાતમાં એ માથું ન મારતો. પછી અમારા વિષયમાં તો માથું મારવાનો સવાલ જ ક્યાં ઊઠતો હતો ? એટલે તો આજે મને વારંવાર એનું વર્તન વિચિત્ર લાગતું હતું. નવાઈ પણ લાગતી હતી. પ્રશ્ન પમ ઊઠતો હતો કે ક્યારેય અમારી સાથે કોઈ પણ બાળક અંગે ચર્ચા ન કરનાર એ માણસ આજે મારી સામે આ બાળક નહીં બચે એ માટેનાં એણે ધારી લીધેલાં પ્રમાણો રજૂ કરીને દલીલો પણ કરી રહ્યો હતો.

એ વખતે હું એમ. ડી. ના પ્રથમ વરસમાં અભ્યાસ કરતો હતો. ભણવાની સાથે હૉસ્પિટલની ડ્યૂટી પણ કરવી પડતી. આ પ્રથમ વરસને હાઉસમૅનશિપ કહે છે. એ વરસમાં અમારે રાત-દિવસ એટલું બધું કામ રહેતું કે અમે માણસના નહીં પણ જાણે ગધેડાના અવતારે જન્મ્યા હોઈએ એવું લાગતું. એટલે આમ તો આટલી બધી દોડાદોડીમાં છગનલાલની વાત પર વધારે વખત વિચાર કરવાની ફુરસદ પણ ત્યારે નહોતી. છતાં ખબર નહીં, બીજા બધા દર્દીઓની નોંધ લખતાં લખતાં પણ વારંવાર છગનલાલનાં વાક્યો મનમાં ઘૂમરાતાં હતાં. હું થોડી થોડી વારે ઊભો થઈને પેલા બાળકને જોઈ લેતો હતો. આમ તો એ સ્ટેબલ હતું પણ એની વધતી જતી ફિક્કાશ હવે લોહીની માગણી કરતી હતી. છગનલાલ લોહીનો બાટલો લઈને આવે પછી જ એ બાળક ભયમુક્ત થઈ શકે તેમ હતું.

પણ, કાઠિયાવાડમાં એક કહેવત છે કે, 'રોતો જાય તે મૂઆના (મૃત્યુના) સમાચાર લાવે !' છગનલાલની બાબતમાં પણ એ મુજબ જ બન્યું. આ છોકરું નહીં બચે એવાં રોદણાં રોતો એ ગયેલો અને અત્યારે ધોયેલા મૂળા જેવા એણે દાદરો ચડતાં જ સમાચાર આપ્યા કે, 'સાહેબ ! લોહી નહીં મળે. છોકરાનું ગ્રુપ ઓ નેગેટિવ છે અને બ્લડબૅંકમાં ઓ નેગેટિવ લોહીનો એક પણ બાટલો નથી. એના એકેય સગાનું લોહી પણ મૅચ નથી થતું. બોલો ! હવે શું કરવું છે ?' એમ કહીને એ મારી આંખમાં આંખ પરોવીને ઊભો રહ્યો. જાણે આંખોથી જ મને ન કહેતો હોય કે, 'કાં ! હું નહોતો કહેતો કે વિધાતાના લેખ !'

પણ અમારા ડૉક્ટર્સ માટે તો આવા પ્રસંગો સાવ સામાન્ય હતા. આવી ઈમર્જન્સી કંઈ પહેલી વખત નહોતી આવી. સાપ કરડેલાં છોકરાંઓ પણ ઘણાં બધાં આવતાં હતાં. એટલે આ બાબતમાં મારા માટે છગનલાલની વાણી સિવાય કંઈ પણ નવાઈ પમાડે તેવું હતું જ નહીં. અમારી હૉસ્પિટલની બ્લડબૅંક એક વોલન્ટરી બ્લડબૅંક હોવાથી લોહીની તંગી હંમેશ માટે રહેતી. અમારે સૌને પણ લગભગ દર ત્રણ મહિને એક વાર રક્તદાન કરવું જ પડતું. એમાંય આવું નેગેટિવ પ્રકારનું લોહી એ દુર્લભ લોહીગ્રુપ ગણાતું. એની હંમેશાં ખેંચ રહેતી.

'કંઈ વાંધો નહીં. તમે લોહીના સેમ્પલ તો આપી દીધા ને ?' મેં છગનલાલને પૂછ્યું.

'હોવે !' છગનલાલે જવાબ વાળ્યો.

'સારું ! છગનલાલ ! તમે થોડી વાર જઈ શકો છો. તમારું હમણાં કંઈ કામ નથી. જરૂર પડશે તો હું તમને બોલાવી લઈશ.' કહી મેં છગનલાલને વિદાય કર્યો. પછી ઓ નેગેટિવ લોહીની વ્યવસ્થા કરવા માટે બ્લડબૅંકનો નંબર ઘુમાવ્યો. મારી બૅચનો જ એક સ્ટુડન્ટ એ વખતે ડ્યૂટી પર હતો. મેં એને આખી પરિસ્થિતિ સમજાવી. એણે મન કહ્યું કે બ્લડબૅંકના લિસ્ટમાંથી જોઈને એક 'ઓ' નેગેટિવ ગ્રુપ ધરાવતા રક્તદાતાને એણે ફોન કરેલ છે. થોડીક જ વારમાં આવીને એ ડોનેટ કરી જશે. ત્યાર બાદ લગભગ ૪૫ મિનિટમાં ક્રોસમૅચિંગની તપાસ થઈ જશે. એ પછી મારે પટાવાળાને મોકલવાનો. એનો આભાર માનીને મેં ફોન મૂક્યો. પછી છગનલાલને બૂમ મારી અને કહ્યું કે, 'જુઓ છગનલાલ ! લોહીની વ્યવસ્થા થી ગઈ છે. એકાદ કલાક પછી જઈને બ્લડબૅંકમાંથી લોહી લહી આવજો..' પછી ઉમેર્યું કે, 'લાગે છે કે તમે આજે ખોટા પડશો. બોલો ! શું કહેવું છે તમારે ?'

કંઈ પણ બોલ્યા વિના છગનલાલે વિદાય લીધી. લોહીની વ્યવસ્થા થઈ ગઈ એ કદાચ એમની ધારણાની વિરુદ્ધની બાબત બની હતી. એને પોતાને પણ કદાચ આ વખતે પોતાની વાત માટે અવિશ્વાસ જાગ્યો હશે, કારણ કે આ વખતે તેણે મારી આંખમાં

આંખ ન માંડી.

છગનલાલના ગયા પછી મેં બાકીના કેસપેપરની વિગત પૂરી કરવાનું કામ હાથ પર લીધું. રાત્રિના લગભગ સાડા બાર થયા હશે. ત્યાં જ ઈમર્જન્સી રૂમમાંથી સ્ટાફ સિસ્ટર દોડતાં આવ્યાં, 'સાહેબ! જલદી ચાલો. પેલા સાપ કરડેલા નાના બાળકના મોંમાંથી લોહી નીકળે છે!'

મેં કેસપેપર્સ બાજુમાં મૂક્યા. સાપ કરડ્યો હોય તેવા દર્દીઓમાં લોહી ગંઠાવાની પ્રક્રિયામાં ખામી ઊભી થઈ શકે છે. એટલે આવાં બાળકોને મોં, નાક, પેશાબ, ઝાડા વાટે કે ગમે ત્યાંથી રક્તસ્ત્રાવ થઈ શકે છે. આવા કિસ્સાઓમાં આ એક ખૂબ જ સામાન્ય બાબત છે. આમાં અણધાર્યું કે અચાનક કંઈ જ નહોતું. સર્પદંશની ઘણી બધી અસરોમાંની આ પણ એક અસર હતી.

બાળકના પેટમાં મેં રાઈલ્સ ટ્યૂબના નામે ઓળખાતી નળી ઉતારી. એના પેટમાં જમા થયેલ લોહીને સાફ કર્યું. પછી દવા નાખેલા ઠંડા પાણીથી એની હોજરીને લવાજ આપ્યો (હોજરી ધોઈ). એના સિવાયની નસમાં આપવાની દવાઓ આપીને ઑફિસમાં આવીને ફરીથી મારું બાકી કામ હાથ પર લઈને બેઠો. હવે લોહી ન આવે ત્યાં સુધી આ બાળકની સારવારમાં અન્ય કોઈ ફેરફાર કરવાનો નહોતો. બાકીના બધા દર્દીઓ સેટલ હતા એટલે આટલું કામ પતાવીને દસેક મિનિટ આરામ કરી શકાય તેવી શક્યતાઓ ઊભી થઈ ગઈ હતી. અને મન એનો લાભ લેવાની ઈચ્છા ધરાવતું હતું.

એક વાગી ને ૪૦ મિનિટે હાથમાં લોહીના બાટલા સાથે છગનલાલે ઑફિસમાં પ્રવેશ કર્યો.

'કેમ છગનલાલ? કેમ આટલું બધું મોડું થયું? તમારે તો એક વાગ્યા પહેલાં આવી જવાનું હતું.' મેં પૂછ્યું.

'બરાબર છે સાહેબ!' : છગનલાલે જવાબ આપ્યો, 'થયું એવું કે પેલા ડોનર જેની તમને વાત કરેલીને એ ન આવી શક્યા. પછી બીજા ઘણાને બ્લડબૅંકવાળા સાહેબે ફોન કર્યો. પણ થોડા દિવસ પહેલાં આપણા રાષ્ટ્રપતિ કે વડા પ્રધાન ન'તા આવ્યા? એના માટે બધાએ ડોનેટ કરી દીધેલું. માંડ એક ભાઈમાંથી આ ૧૦૦ સીસી ટેપ કરી આપ્યું છે, લો!' એટલું કહી એણે લોહીનો બાટલો મારા ટેબલ પર મૂક્યો.

એ વખતે લોહી એકઠું કરવા માટે કાચની બૉટલ વપરાતી. પોલિથિલિનની બૅગ્સનો ઉપયોગ ત્યારે હજુ નહોતો શરૂ થયો.

હું એ ૧૦૦ મિલિ લોહી સામે જોઈ રહ્યો. એ બાટલામાં એક નાનકડી જિંદગી તરી રહી હતી. દોઢ મહિનાના એક બાળકના જીવવાની બધી જ શક્યતાઓ એ કાચની બૉટલમાં બંધ હતી. હું ડોનર નામ અને બૉટલનંબર, ગ્રુપ વગેરે ચેક કરી રહ્યો હતો. આ બધું બરાબર જોઈને અમારે એની શબ્દશઃ નોંધ કેસપેપરમાં કરવાની હોય જેથી બાળકને બીજા કોઈ ગ્રુપનું લોહી ન ચડી જાય તેની ખાતરી રહે આ બધા દરમિયાન મેં ઊંચું જોયું. જોઉં છું. તો છગનલાલ હજુ ત્યાં જ ઊભેલો. મારી સાથે નજર મળતાં વગર પૂછ્યે જ તેણે કહ્યું, 'કાં સાહેબ? મારી વાતમાં હવે વિશ્વાસ પડે છે? જો એ છોકરાને જીવવાનું હોત તો એક જ ડોનર કેમ મળે?!'

મને હસવું આવ્યું. હું બોલ્યો, 'અરે! છગનલાલ! તમે પણ ખરા છો! સાવ ઊંધો કાન જ પકડી રહ્યા છો. એ છોકરાને જીવવાનું છે એટલે તો આ એક બૉટલ બ્લડ મળ્યું છે. અને એટલે જ એને એક ડોનર મળ્યો. કદાચ એને ન જીવવાનું હોત તો એક પણ ડોનર શું કામ મળે? બોલો! જો એ છોકરું મરી જ જવાનું હોત તો એને લોહી જ ન મળત, બરાબર ને?!'

આ વખતે મારી દલીલમાં રહેલો તર્ક એટલો સજ્જડ હતો કે છગનલાલ માટે બોલવાનું કંઈ બાકી જ નહોતું રહેતું. મારી ધારદાર દલીલ સામે કંઈ પણ શબ્દો ન મળતાં એ મૂંગો બનીને ત્યાંથી ચાલ્યો ગયો. કલાકોથી મારું માથું ખાતો છગનલાલ આખરે માત થયો હતો. એની દિશામાં વિજયનું એક સ્મિત નાખીને મેં સ્ટાફ સિસ્ટરને બોલાવ્યાં.

'લ્યો સિસ્ટર! પેલા સ્નેકબાઈટવાળા બાળકને લોહી શરૂ કરાવી દો. હા! લેસિક્સ ઈંજેક્શન આપવાનું ભૂલશો નહીં. એને ૧ સીસી નસમાં આપજો.' એટલું કહી મેં સિસ્ટરને લોહીની બૉટલ આપી.

સ્ટાફ સિસ્ટર લોહીનું યુનિટ લઈને ગયાં. હું ફરીથી બાકીનું વૉર્ડ વર્ક પૂરું કરવા બેઠો. હાઉસમૅનશિપનું કામ છેડા વગરનું હોય છે. એ ક્યારેય પૂરું થવાનું નામ જ ન લે. બસ હાઉસમૅન હો તેના છેલ્લા દિવસ સુધી એ ચાલ્યે જ રાખે?! હજુ તો એકાદ કેસ પણ નહીં પૂરો કર્યો હોય ત્યાં જ સિસ્ટર ઑફિસમાં પાછાં આવ્યાં, 'સાહેબ! તમારે આવવું પડશે. એ છોકરાની નસ જ નથી આવતી. તમે આવીને નસ પકડી આપો તો લોહી ચડાવી શકાય.'

'ચાલો ત્યારે! હું નસ પકડી આપું.' કહી મારું કામ પડતું મૂકીને હું ઊભો થઈને ઈમર્જન્સી રૂમમાં ગયો. એ વખતે બાળકના વેઈન(નસ)માં દવાઓ તેમજ બાટલા વગેરે આપવા માટે અમે બટરફ્લાય-પતંગિયા આકારની સોયનો ઉપયોગ કરતા. એમાં આગળ લોખંડની સોય હોય અને પાછળ પતંગિયા આકારના પ્લાસ્ટિકનાં પાંખડાંઓ જોડે જોડેલી લાંબી પ્લાસ્ટિકની ટ્યૂબ હોય.

એ ટ્યૂબને બાટલાની નળી સાથે ફિક્સ કરી શકાય તેવી વ્યવસ્થા રહેતી. હાલ જે પ્લાસ્ટિકની સોય કે કેન્યુલા આવે છે તે ત્યારે ખૂબ જ મોંઘી પડતી. એટલે અમે આ બટરફ્લાયનો ઉપયોગ જ કરતા. પણ આ સોયની એક તકલીફ એ રહેતી કે વારંવાર એ નસમાંથી બહાર નીકળી જતી અને બાળકના હાથ પર ઢોકળું થઈ જતું.

હવે સાપ કરડેલ આ બાળકનું આખું શરીર સૂજી ગયેલું. એની ઉંમર પણ ખૂબ જ નાની હતી. નાનકડા એ હાથમાં સોજાની આરપાર નસ લેવાનું કામ અતિ દુષ્કર હતું. વેઈન લઈ શકાય તો જ એની જિંદગી બચી શકે તેમ હતું. એટલે મેં વેઈન શોધવાની મથામણ શરૂ કરી. સૂજેલા અને રક્તસ્ત્રાવવાળા એ હાથમાં કેટલાંયે પંક્ચર થયાં પણ વેઈન ન મળી. હું પરસેવે રેબઝેબ થઈ ગયો. થોડીક વાર થાક ખાવા માટે ઑફિસમાં આવીને બેઠો. આખા દિવસનો થાક, હદ બહારનું કામ અને એમાં પણ આ થકવી દેતી વેઈનની શોધ ! હું ઘડીક ખુરશીમાં બેઠો. દૂર વૉર્ડની ગૅલેરીમાં છગનલાલ આકાશ સામે તાકીને બેઠો હતો. એનું ધ્યાન મારી સામે નહોતું. મને ફરીથી એના શબ્દો યાદ આવી ગયા. વિચાર થયો કે, 'અચાનક છગનલાલ આજે કેમ આમ બોલતો હતો ? શું કોઈ માણસને અચાનક જ આમ અતિન્દ્રિય જ્ઞાન થઈ આવતું હશે ? છગનલાલને આવો જ કોઈ સંકેત મળ્યો હશે ? કે પછી આ એના મનમાં રહેલા વહેમો અને અંધશ્રદ્ધાની જ નીપજ હશે ?' જોકે પછી મને હસવું આવ્યું. વિજ્ઞાનના માણસ તરીકે મને આજે મારા પર પણ હસવું આવતું હતું. હું એની વાતને કેમ મન પર લેતો હતો એની મને નવાઈ પણ લાગતી હતી. વિચારોને ખંખેરીને હું ફરીથી પેલા બાળકની વેઈન લેવા માટે ગયો. ઘણી બધી મથામણને અંતે રાત્રે ૩ વાગ્યે એ બાળકના એક પગમાં મેં વેઈન લીધી. જેવી વેન આવી ગઈ કે તરત જ જાણે વિઘ્નદોડમાં ગોલ્ડમેડલ મળ્યો હોય તેવા આનંદના અતિરેક સાથે મેં સિસ્ટરને કહ્યું, 'લાવો સિસ્ટર ! સૌ પ્રથમ ઈંજેક્શન લેસિક્સ આપો' સિસ્ટરે ઈંજેક્શન ભરીને મને આપ્યું. કાળજીપૂર્વક એ ઈંજેક્શન બાળકની નસમં આપીને મેં વેઈન ફિક્સ કરી જેથી હલી ન જાય. પછી લોહી શરૂ કર્યું. ધીમે ધીમે બાળકની નસમાં પડતાં એ લાલ ટીપાંઓને જોતાં મને ખૂબ જ આનંદ થતો હતો. ટીપે ટીપે બાળકના શરીરમાં પ્રવેશી રહેલી એ જિંદગી જ હતી. હવે મને છગનલાલના શબ્દો પર વિશ્વાસ કરવા બદલ મારી જાત માટે મને સંકોચ થતો હતો અને શરમ પણ આવતી હતી.

હાથ ધોઈને હું ઑફિસમાં પાછો આવ્યો. રાત્રિના સાડા ત્રણ થવા આવ્યા હતા. થાક અને ઊંઘ બંનેએ પોતાની અસર મારા શરીર પર બતાવવાનું શરૂ કરી દીધું હતું. આંખે પાણી છાંટવા માટે મેં પ્રથમ છાલક મારી ત્યાં જ ઈમરર્જન્સી વૉર્ડમાંથી એક મોટી ચીસ સંભળાઈ. મોઢું લૂછ્યા વગર જ હું દોડ્યો. આખા વૉર્ડના દર્દીઓ જાગી ગયા હતા.

'શું થયું સિસ્ટર ?' પૂછતાં હું ઈમર્જન્સી રૂમમાં પહોંચ્યો. મારું ધ્યાન પેલા સપ કરડેલ બાળક સામે ગયું. એના પેટમાં ઉતારેલી નળીમાંથી પુષ્કળ લોહી વહેતું હતું. મેં સ્ટાફ સિસ્ટર સામે જોયું. કંઈ પણ બોલ્યા વિના સિસ્ટરે ફર્શ તરફ આંગળી ચીંધી.

પેલા બાળકના લોહીનો બાટલો એનું પ્લાસ્ટિકનું હેંગર તૂટી જવાથી પડીને ફૂટી ગયો હતો. માંડ માંડ મળેલું લોહી ફર્શ પર ઢોળાઈ ગયું હતું. અને એક વાત તો નક્કી હતી કે હવે ઓ નેગેટિવ લોહી મળવું અશક્ય હતું. હું સ્તબ્ધ થઈ ગયો. પેલા બાળકે હવે છેલ્લાં ડચકાં ખાવાનાં શરૂ કરી દીધાં હતાં. હવે લોહી સિવાય બીજી કોઈ દવા આપવાની પણ બાકી નહોતી રહેતી. ધીમે ધીમે એ બાળકનાં ડચકાં શાંત થતાં ગયાં. એણે આંખ મીંચી દીધી. હું ન સમજી શકાય તેવી અસહાયતા અનુભવતો હતો. શું વિધાતાના લેખ ખરેખર આવા જ હતા ? શું એવું કંઈ સાચેસાચ હશે ખરું ?

એ સ્તબ્ધતા અને નીરવ શાંતિમાં કોઈનાં પગલાં ઈમર્જન્સી રૂમના બારણા પાસે હળવે હળવે આવતાં સંભળાયાં. મેં ઊંચું જોયું. છગનલાલ કંઈ પણ બોલ્યા વિના મારી સામે જોઈને ઊભો હતો...

(સંજોગો એક પછી એક એવા જ ગોઠવાતા ગયા કે આખી ઘટનાએ આવું સ્વરૂપ લઈ લીધું. બાકી લોહીનો બાટલો પડીને ફૂટી જવો કે આવા સિરિયસ બાળકનું મૃત્યુ પામવું એ આટલી મોટી હૉસ્પિટલમાં એક સહજ ઘટનાથી વધારે કંઈ નથી હોતું.)

❖❖❖

## હરિ મુને ભીંજવે વારંવાર

હરિ મુને ભીંજવે વારંવાર
એના સ્પર્શે રોમ રોમ ઝંકાર
તેજ ઝુલણે જુલવા લાગ્યો
મહેક મહેક આ મન
ભાવ વિભોર થઈને હૈયું
એનું ગાય સ્તવન
ઘટનાઓમાં અનુભવાતો એનો પ્રેમળ પ્યાર
એના સ્પર્શે અનહદ આનંદ રોમ રોમ ઝંકાર
એ જ ફૂલમાં એ તારકમાં
એ વર્ષાનું રૂપ
ઋતુ ઋતુનાં રંગોમાં એ
વિહરે વાયુસ્વરૂપ
અનુભૂતિનાં દર્પણમાં એ રૂપ થાય સાકાર
એના સ્પર્શે અનહદ આનંદ રોમરોમ ઝંકાર.

– મેઘબિંદુ

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

# પરિવાર સેતુ

આત્મીય સ્વજનો,

ઝાલાવાડી સભાના વિશાળ પરિવારને સ્નેહના સેતુ થકી સાંકળવાનો એક પ્રસન્ન પ્રયાસ એટલે

**'પરિવાર સેતુ'**

વિધવિધ કારકિર્દીના અનેક શિખરો ચૂમતી, વ્યાવસાયિક દુનિયામાં ડંકો વગાડતી આપણી યુવા પ્રતિભાઓ અને આપણા વ્યવહાર કુશળ, પ્રજ્ઞાવાન, ખાનદાન વડીલો આ બન્નેનું સાયુજ્ય સાધવાનો અમારો આ પ્રયાસ છે. પ્રમુખશ્રી પંકજભાઈ સંઘવીનો આ નવો આયામ છે.

સંગઠનમાં અપૂર્વ શક્તિ રહેલી છે. ઝાલાવાડી સભા તમારી સંસ્થા છે, સભાને તમારા વ્યક્તિત્વનું ગૌરવ છે - તમે પણ સમગ્ર સમાજમાં સભા થકી ગૌરવાન્વિત છો. તમારી સિધ્ધિઓથી પોરસાવાનો આ સમય છે. નવી પેઢીને માર્ગદર્શન આપવાનો આ ઉપક્રમ છે. આપણા વડીલોના શાણપણને સમજવાનો આ યત્ન છે.

ઝાલાવાડી સભાના પરિવારો વચ્ચે સ્નેહનો સેતુ રચાય તો સહુ સાથે મળીને અપાર ઉત્કર્ષ સાધી શકીશુ એ નિ:શંક છે.

**પરિવાર સેતુ**ના પ્રકલ્પમાં સહભાગી થવાનો સહુને અનુરોધ.

❖ સંપર્ક સુત્ર ❖

| સંધ્યાબેન બિપિનભાઈ શાહ | શ્રુતિબેન મયંકભાઈ શાહ | હિમાંશુભાઈ જવાહરભાઈ વોરા |
|---|---|---|
| M : 9324680809 | M : 9870213860 | M : 9819388393 |

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન



**આદરણીય શ્રી રમેશભાઈને ૭૫મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ !**

જીવનના ૭૫ વર્ષ આપના પ્રેમ, સંસ્કાર, સાદગી અને સેવાભાવથી સૌના જીવનને સ્પર્શતા રહ્યા છો.

ભગવાન શ્રી મહાવીર સ્વામીની કૃપાથી આપને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, સુખ, સમૃદ્ધિ અને પરિવાર સાથે આનંદમય જીવન પ્રાપ્ત થાય તેવી હાર્દિક શુભકામના.

આવનાર વર્ષો પણ આપના જીવનમાં આરોગ્ય, પ્રસન્નતા અને અનેક સુખદ પળો લઈને આવે એવી પ્રભુ પ્રાર્થના.

**જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ !**




બુકિંગ માટે સંપર્ક :

- Mumbai - Tel.: (022) 28449855 / 28835836. Mob.: +91 8108839236 / 9224002400
- Mahabaleshwar - Tel: (02168) 260588 ● Lonavala - Mob.: - +91 9167091570
- Pune - Mob.: +91 9028585409 ● Goa - Tel.: (0832) 2416363
- E-mail : hotelgautam@hotmail.com ● Website : www.hotelgautam.com

**અમારી રિસોર્ટ મહાબળેશ્વર અને લોનાવાલામાં પણ છે.**

Advt.

## LIONS INTERNATIONAL & ROTARY INTERNATIONAL

*Joint Initiative*

# LION TARACHAND BAPA HOSPITAL ANNEXE

at Mata Lachmi Hospital, Sion

# SATISH CHOKSI CANCER CARE CENTRE



**SPECIAL OFFER**

## FREE CHEMOTHERAPY TREATMENT

**Only the Cost of Medicines Will Be Charged**

(Chemo- medicine at discounted rates from Shraddha Charitable Foundation)

**Offer Valid: April 2026 - December 2026**

For Appointments
Mobile:
+91 9137849814

### KEY HIGHLIGHTS

- Experienced & Expert Oncology Team
- Personalized Cancer Care with Compassion
- Advanced Infrastructure & Modern Treatment Facilities
- Comprehensive Patient Support & Rehabilitation
- Affordable, Ethical & Quality Cancer Care

### TREATMENTS & PROCEDURES

- Medical Oncology Consultation
- Various Chemotherapy Treatments
- Cancer Chemotherapy Protocols
- Personalized Chemotherapy Plans
- Daycare Chemotherapy Services
- Supportive Cancer Care

### FACILITIES & SERVICES

- Dedicated Daycare Chemotherapy Unit
- Private & Semi-Private Rooms
- Oncology Consultation Services
- 24×7 Emergency Support
- Patient Counselling
- In-House Oncology Pharmacy

## SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
## ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

Regd. Office: 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street (Kolbhat Lane), Chirabazar, Mumbai - 400 002.

### CONTACT & VENUE

**CALL NOW: +91 91378 49814**
Or Rita Sanghavi 9324071961, Viren Sanghavi 9821621457

Mata Lachmi Hospital
(Lion Tarachand Bapa Hospital Annexe)
Sion, Mumbai

*Terms & Conditions Apply. Free Chemotherapy refers to treatment/procedure charges only.
Cost of medicines and consumables will be charged separately.

COMPASSIONATE CARE | FIGHTING CANCER TOGETHER | HOPE • CARE • HEALING

Advt.


EXPLORE THE WORLD
Unforgettable Journeys. Extraordinary Memories.
Amazing Destinations. Endless Experiences.
ONLY WITH AMMPAL HOLIDAYS
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
CHINA 13D
Enjoy Autum, Ancient Wonders,
Rich Culture & Modern Marvels.
OCT 20th
VIETNAM WITH PHU QUOC
VIETNAM WITH SAPA
Crystal Clear Waters, White Sandy
Beaches & Tropical Paradise awaits.
11D
SEP 18th (Full) • OCT 21st • NOV 4th (Full) | 22nd • DEC 4th | 18th | 26th • JAN 6th
KENYA
Thrilling Safaris, Wildlife
Encounters & Breathtaking
Landscapes.
OCT 1st | 16th | 24th
NOV 5th | 13th
DEC 1st
ALMATY 7D
Breathtaking Mountains,
Vibrant City Life &
Unmatched Natural Beauty
SEP 23rd (Full) | 28th (Few Seats)
OCT 21st (Full)
NOV 4th | 6th | 11th
DEC 23rd | 27th | 30th
JAN 22nd
MAR 5th | 19th
12D TOUR
ALMATY +
GEORGIA
Scheduled
for
NOV 6th
Delic-ious Cuisines
(Veg & Jain) prepared
by Our Own MAHARAJ
Tour
Inclusive of
Air Fare*
Accompanied by
Experienced English
& Gujarati Speaking
Tour Manager
Sightseeing in
Super Deluxe
A/c Luxury
Coaches
HOTEL
Stay at
Luxurious
Hotels
AMMPAL HOLIDAYS - Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning
Your Tours Call Us Now!
Amit Shah 9833082820
Kewal 9819015353
Namrata 8291099100
Kalpesh 8291199100

Advt.

# અબોલ જીવની મમતા-માયા

ચંદ્રકાંત શાહ

માણસે માણસનો વિશ્વાસ કરવો હોય તો તેમાં સફળતાનું પ્રમાણ માંડ ૨.૫૬ ટકા આવે તમે તમારા સગા-સંબંધી-મિત્રો-નોકરચાકર વગેરેને ગમે તેટલા સાચવો તેનાં દુ:ખમાં પણ અડીખમ ઉભા રહો તો પણ તેઓ તમારી સાથે દગો-કે બેવફાઈ કરવામાં જીજકતા નથી.

ત્યારે તમે અબોલ પક્ષીને પાળો કે તેમને ચણ-ચારો આપો ત્યારે તેઓ તમારા તરફ કેટલી મમતામય નજરે જુએ છે. માણસો પોતાને સુખ મળે પૈસા મળે તે માટે મંદિર મસ્જીદ-ગુરૂદ્વારા-દરગાહ-ચર્ચ વગેરે જગ્યાએ જઈને માનતા-બાધા આખડી કરે છે, પણ ઉપરની જગ્યાએ ભગવાન નથી મળતાં ત્યારે તમે અબોલ જીવને ખવડાવો તેની સેવા કરો ત્યારે ભગવાન ખુદ સામેથી તમારી પાસે આવે છે, મને અબોલ જીવનાં બે-ત્રણ દાખલા યાદ છે તે જણાવું છું.

સુરેન્દ્રનગરમાં એક ભાઈ વર્ષોથી કબૂતરને ટાઈમસર ચણ નાખતાં હતાં તેઓ વખત જતાં મૃત્યુ પામ્યાં તેમની સ્મશાન યાત્રામાં કબૂતરો પણ ઉડતાં હતાં અને જ્યારે મૃતદેહને ચિતા આપી ત્યારે ઘણા કબૂતરોએ તેમની ચિતામાં કુદીને તેમની સાથે જ પ્રાણ તાગ્યા, તેવી જ રીતે મુલુંડમાં એક ભાઈ કાગડાને રોજ ૩ કિલો ચવાણુ ખવડાવે છે. કાગડાઓ તેમનાં હાથમાંથી પ્રેમથી ચવાણું ખાય છે. આ ભાઈ જ્યારે સ્ટેશને જવી નીકળે ત્યારે કાગડાઓ છેક સ્ટેશન સુધી વળાવા આવે છે. ઘાટકોપરમાં પણ એક બેન કુતરાને દૂધ-પાઉં ખવડાવે છે. તેઓ જ્યારે પણ બહાર જાય ત્યારે કુતરાઓ ગલીનાં નાકા સુધી વળાવા આવે છે. તેવી જ રીતે અંધેરીમાં રહેતા દિલીપભાઈ દોશી પણ રોજ રાત્રે ૧૨ થી ૩ સુધી કુતરાને બિસ્કીટ ખવડાવે છે અને માણસ કરતાં પણ વ્યવસ્થિત રીતે ગોઠવાઈને કુતરાઓ ખાય છે. શું આવી વ્યક્તિઓને ભગવાનનાં દર્શન કરવા જવું પડે ? નહિ ખુદ ભગવાન ભક્તોને મળવા માટે સામેથી આવીને આશીર્વાદ આપે છે. માટે સાચો ધર્મ કરવો હોય તો અબોલ જીવને ખવડાવો, જેનો કોઈ માલિક ન હોય તેવાને.

ભાયંદરમાં લક્ષ્મીબેન રહે છે. તેઓ ખૂબ જ સાધારણ છે, પણ કુતરાઓની જે સેવા કરે અને ખવડાવે છે. કુતરાઓ તેમની ફરતાં વીંટળાઈ જાય છે. ઘાટકોપરમાં વિક્રાંત સર્કલ પાસે જ્યારે જવાનું થાય ત્યારે હું એક કુતરાને આઈસ્ક્રીમ ખવડાવું છું અને આઈસ્ક્રીમ ખાધા પછી તે કુતરો મારા પગ પર તેનો પગ ૫ મિનીટ સુધી રાખીને જે પ્રેમથી ટગર ટગર જુએ અને આનો આનંદ અમને બંનેને મળે છે, ઘણા લોકો કીડીયારૂ પુરે છે. તે પણ ખૂબ જ ઉમદા છે.

''અન્નદાન પરમો ધર્મ''

❖❖❖

## સંધ્યા શાહ ને જૈન પત્રકાર સંઘનો એવોર્ડ



જૈન પત્રકાર સંઘના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી જયંતિલાલ શાહ તથા શ્રી પ્રશાંત ભાઈ ઝવેરીના નેતૃત્વ માં યોજાતા આ સમારોહનું આયોજન આ વખતે ૨૫ જુલાઈ એ ગિરગાંવ મુંબઈ ગોલ્ડન વ્હીલ હોટલ માં કરવામાં આવ્યું હતું.

સમારંભ ના પ્રમુખ પદે જૈન સેલ મુંબઈ ના અધ્યક્ષ શ્રી સી. વી. શાહ (પેરેડાઈઝ) તથા માનનીય અતિથિ શ્રી હિતેશ ભાઈ ગુટકા, હીરા ઉદ્યોગના અગ્રણી શ્રી સંજયભાઈ શાહ, શ્રી રાજુભાઈ જવાહરભાઈ બિરાજમાન હતા. શ્રી સી. વી શાહે ખૂબ ગંભીરતા પૂર્વક જૈનોની એકતા માટે પ્રતિબદ્ધ થવાની સહુને હાકલ કરી અને પત્રકારો ને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર મુંબઈ માં રોજ ના એક હજાર ટિફિન પહોંચાડનાર સમાજ સેવક હિતેશ ભાઈ ગુટકાએ જીવનની સંધ્યાએ ઉપેક્ષિત થતાં વડીલોની સેવા ના પોતે આદરેલા અનેક ઉપક્રમોની વાત કરી. સહુની આંખો ભીની થઈ ગઈ. એવોર્ડ સમારોહ ના દાતા સંજય ભાઈ એ જૈન બાળકોનું સંસ્કાર ઘડતર કરવા માટે જે પરીક્ષાઓ લઈ રહ્યા છે એની વિગતો આપી. પત્રકારોને સ્પર્શી જાય એવી આ બધી વાતો પછી તેજસ્વી પત્રકારો ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા.

**આપણી પત્રિકાના પૂર્વ-તંત્રી સુશ્રી સંધ્યા બેન શાહ ને ઉત્કૃષ્ટ લેખન માટે આ સમારોહ માં સમારંભ ના પ્રમુખ શ્રી સી. વી. શાહ તથા માનનીય અતિથિ શ્રી હિતેશ ભાઈ ગુટકાના વરદ હસ્તે એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.** જૈન પત્રકાર સંઘનો આ સાતમો એવોર્ડ મેળવનારા સુશ્રી સંધ્યા બેનને ઝાલાવાડી સભા વતી ખૂબ ખૂબ અભિનંદન.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન
## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા

**ચાતુર્માસ મંગલ પ્રવેશ**

**ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન**

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ સંચાલિત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય, નાલાસોપારા (પૂર્વ) ખાતે સંવત ૨૦૮૨ ના ચાતુર્માસનો મંગલ પ્રવેશ તા. ૧૭ જુલાઈ, ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ સવારે ૯:૦૦ કલાકે અત્યંત ભક્તિભાવ, ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

શ્રી લીંબડી ગોપાલ સંપ્રદાયના ભોળીયાનાથ ભગવાનના સુશિષ્ય, ઉપયોગ સમ્રાટ, અખંડ ગુરુભક્ત પરમ પૂજ્ય શ્રી રામ ઉત્તમ ગુરુદેવનાં આજ્ઞાનું વર્તિ તથા વિદુષી પૂજ્ય શ્રી લીલમ ગુરુણીના સુશિષ્યા પરમ પૂજ્ય અભિષાજી મહાસતીજી તથા પરમ પૂજ્ય પૂજાજી મહાસતીજી આદિ ઠાણા બેના પાવન સાનિધ્યમાં વર્ષ ૨૦૨૬ના ચાતુર્માસનો મંગલ પ્રવેશ યોજાયો.

નાલાસોપારાના શ્રાવક-શ્રાવિકાઓનો ઉમળકાભેર પ્રતિસાદ અને ગુરુભક્તિ જોઈ પૂજ્ય મહાસતીજીઓએ પણ જપ, તપ, આરાધના તથા વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા આત્મકલ્યાણનો લાભ અપાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો અને ચાતુર્માસ દરમિયાન યોજાનારા વિવિધ અનુષ્ઠાનોની જાહેરાત કરી.

સવારે ૮:૩૫ કલાકે શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન મંડળ (પૂજ્ય કેવળ ધન્ય ગુરુદેવ ઉપાશ્રય)થી જૈન સૂત્રોચ્ચાર સાથે ભવ્ય વિહારયાત્રાનો પ્રારંભ થયો હતો. આ વિહારયાત્રામાં નાલાસોપારાના ૧૫૦થી વધુ શ્રાવક-શ્રાવિકાઓ શ્રદ્ધાભાવપૂર્વક જોડાયા હતા. વિહારયાત્રા સવારે ૯:૦૦ કલાકે શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય ખાતે પહોંચી હતી.

આ શુભ પ્રસંગે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાના માનદ્ મંત્રી શ્રી અનિલભાઈ હિંમતલાલ સંઘવી, સહમંત્રી શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી, પ્રોજેક્ટ ઈન્ચાર્જ શ્રી હિતેશભાઈ ભગવાનલાલ શાહ તથા સભાના કમિટી મેમ્બર્સ શ્રી મહેશભાઈ દોશી, શ્રી વિજયભાઈ અજમેરા, શ્રી રાકેશભાઈ ગોપાણી, શ્રી દર્શકભાઈ શાહ, અને શ્રી પરેશભાઈ દોશી ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસંગ દરમિયાન રૂા.૧૧,૦૦૦ ચાતુર્માસ અનુમોદના ધર્મસ્થંભ યોજનાની જાહેરાત કરવામાં આવતા અનેક દાનવીરોએ ઉમંગપૂર્વક પોતાનો ફાળો નોંધાવ્યો હતો.

પૂજ્ય મહાસતીજીઓએ આશીર્વચન આપતાં ચાતુર્માસ દરમિયાન યોજાનાર વ્યાખ્યાન, વાંચણી, દર્શન, આરાધના અને વિવિધ અનુષ્ઠાનોનો લાભ લેવા સૌને પ્રેરણા આપી, જેને નાલાસોપારાના શ્રાવક-શ્રાવિકાઓએ હર્ષભેર સ્વીકાર્યું.

પ્રસંગ દરમિયાન માનદ્ મંત્રી શ્રી અનિલભાઈ હિંમતલાલ સંઘવી, સહમંત્રી શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી તથા પ્રોજેક્ટ ઈન્ચાર્જ શ્રી હિતેશભાઈ ભગવાનલાલ શાહે પોતાના ભાવો વ્યક્ત કર્યા હતા. શ્રીમતી સુવર્ણા બેન ગાંધીએ પ્રસંગાનુરૂપ ભાવસભર સ્વાગતગીત રજૂ કર્યું હતું.

ટૂંકા સમયગાળામાં નાલાસોપારાને ચાતુર્માસનો અમૂલ્ય લાભ અપાવવા બદલ શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાના પ્રમુખ-ટ્રસ્ટી શ્રી પંકજભાઈ વસંતલાલ સંઘવી પ્રત્યે નાલાસોપારાના શ્રાવક-શ્રાવિકાઓએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

અંતે પરમ પૂજ્ય અભિષાજી મહાસતીજીએ માંગલિક ફરમાવી કાર્યક્રમનું સમાપન કરાવ્યું. આ શુભ અવસરે પરમ પૂજ્ય શ્રી રામ ઉત્તમ ગુરુદેવના શુભાશિષ સંદેશ પણ આવ્યો હતો.

આ પ્રસંગ નિમિત્તે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા દ્વારા સર્વે ભાવિકો માટે નવકારશીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી સભા તરફથી રૂા. ૧૦ની પ્રભાવના તથા શ્રી વિજયભાઈ શાંતિલાલ બેલાણી (નાલાસોપારા)। તરફથી પણ રૂા. ૧૦ની પ્રભાવના કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન સ્થાનિક કમિટી - શ્રી મહાવીર સેવા સ્વાધ્યાય મંડળ।ના કાર્યકરોએ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું.

શ્રી અનિલભાઈ હિંમતલાલ સંઘવી
- માનદ મંત્રી
શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી
- ઉપમાનદ મંત્રી
શ્રી હિતેશભાઈ ભગવાનલાલ શાહ
- પ્રોજેક્ટ ઇન્ચાર્જ
તથા કમિટી મેમ્બર્સ,
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા,
મુંબઈ
સ્થાનિક કમિટીઃ
શ્રી મહાવીર સેવા સ્વાધ્યાય મંડળ,
નાલાસોપારા

❖❖❖



# સાસુની એક શરત

'વહુ... આ ઘરની ચાવીઓ હું તને ત્યારે જ આપીશ, જ્યારે તું મારી એક શરત માનશે.'

નવી નવેલી વહુ કાવ્યાએ આશ્ચર્યથી પોતાની સાસુ કમલાબેન તરફ જોયું. તેના મનમાં વિચાર આવ્યો, 'કદાચ મમ્મીજી ઘરના નિયમો કહેશે... સવારે વહેલા ઊઠવું પડશે, માથે પલ્લુ રાખવું પડશે કે કોઈ સાથે ઊંચા અવાજે વાત નહીં કરવી પડે.' કાવ્યાએ ધીમેથી કહ્યું, 'જી મમ્મીજી... તમારી દરેક વાત મને મંજૂર છે.'

કમલાબેન અલમારીમાંથી ચાવીઓનો મોટો ઝૂડો લઈને આવી. તેમણે ચાવીઓ કાવ્યાના હાથમાં મૂકતાં કહ્યું, 'આ ઘરની ચાવીઓ છે... પણ મારી શરત માત્ર એક જ છે.'

'કઈ શરત, મમ્મીજી ?'

કમલાબેને તેની આંખોમાં જોઈને કહ્યું, 'આ ઘરમાં કોઈની પણ ભૂલનો નિર્ણય એ જ દિવસે ક્યારેય નહીં કરવો.'

કાવ્યા થોડી મૂંઝાઈ ગઈ.

'એટલે ?

કમલાબેન સ્મિત કરીને બોલ્યાં, 'ગુસ્સામાં માણસને ભૂલ દેખાતી નથી, માત્ર દોષિત દેખાય છે. એટલે આ ઘરમાં ચોવીસ કલાકનો નિયમ છે. કોઈપણ નારાજગી હોય, નિર્ણય બીજા દિવસે લેવાશે.' કાવ્યાને વાત થોડી વિચિત્ર લાગી, પણ તેણે હા પાડી.

થોડા દિવસો પછી સવારે ઘરમાં હોબાળો મચી ગયો. સસરાજીની મોંઘી દવાની બોટલ હાથમાંથી પડીને તૂટી ગઈ. ઘરમાં કામ કરતી બહેન ગભરાઈને બોલી, 'માલકીન... મારાથી ભૂલ થઈ ગઈ.'

કમલાબેને શાંતિથી કહ્યું, 'કોઈ વાંધો નહીં. આજે આ વિષય પર કોઈ કંઈ નહીં બોલે.' કાવ્યા આશ્ચર્યમાં પડી ગઈ. બીજા દિવસે કમલાબેને કામવાળી બહેનને બોલાવી. 'કાલે તું બહુ ડરી ગઈ હતી ને ?' તેની આંખોમાંથી આંસુ આવી ગયા. 'હા માલકીન... આખી રાત ઊંઘ આવી નહોતી.'

કમલાબેને તેનો હાથ પકડીને કહ્યું, 'ભૂલ બે પ્રકારની હોય છે - એક બેદરકારીથી અને બીજી માણસ હોવાના કારણે. તું જાણીને નથી તોડી. હવે આગળથી ધ્યાન રાખજે.' તે સ્ત્રી રડી પડી અને કમલાબેનના પગે લાગી.

એક અઠવાડિયા પછી કાવ્યાથી પણ મોટી ભૂલ થઈ ગઈ. ઉતાવળમાં તેણે સસરાજીની વર્ષો જૂની ઊનની શાલ વોશિંગ મશીનમાં ધોઈ નાખી. શાલ સંકોચાઈ ગઈ. તે સસરાજીને તેમના પિતાની યાદગીરી તરીકે મળી હતી. કાવ્યાના હાથ ધ્રૂજવા લાગ્યા. 'હવે તો મમ્મીજી ખૂબ ગુસ્સે થશે.' પણ કમલાબેને ફરી એ જ કહ્યું, 'આજે કંઈ નહીં બોલીએ.'

આખી રાત કાવ્યા પોતાની ભૂલથી વ્યથિત રહી. બીજા દિવસે તે પોતે જ કમલાબેન પાસે ગઈ. 'મમ્મીજી... મને માફ કરી દો. મારી મોટી ભૂલ થઈ ગઈ.' કમલાબેને તેને હૈયે લગાવી લીધી. 'જો વહુ... જો હું કાલે જ તને ઠપકો આપ્યો હોત, તો તને માત્ર મારી ડાંટ જ યાદ રહેત. પણ એક રાત વિચારવાનો સમય મળતાં તને પોતાની ભૂલ જાતે જ સમજાઈ ગઈ.' કાવ્યાની આંખોમાં આંસુ આવી ગયા. કમલાબેન બોલ્યાં, 'ડર માણસને થોડા સમય માટે બદલે છે, પણ સમજ આખી જિંદગી માટે.' સમય પસાર થતો ગયો.

એક દિવસ અમિત ઓફિસેથી ખૂબ તણાવમાં ઘરે આવ્યા. તેમણે કાવ્યા સાથે યોગ્ય રીતે વાત પણ ન કરી. કાવ્યાને ખૂબ દુઃખ થયું. ત્યારે કમલાબેન પૂછે છે, 'શું થયું ?'

કાવ્યાએ કહ્યું, 'મમ્મીજી, તેમણે મારી સાથે બરાબર વાત પણ નથી કરી.'

કમલાબેન હળવેથી હસ્યાં. 'નિર્ણય આજે કરશો કે કાલે ?'

કાવ્યા ચૂપ રહી ગઈ.

બીજા દિવસે સવારે અમિત પોતે જ આવ્યા. 'માફ કરજે... કાલે દુકાનમાં મોટું નુકસાન થયું હતું. મન ખૂબ વ્યથિત હતું.' કાવ્યાને સાસુની શીખ યાદ આવી ગઈ. જો તેણે એ જ રાત્રે ઝઘડો કર્યો હોત, તો વાત વધુ બગડી જાત. તે હસીને બોલી, 'ચાલો, પહેલા ચા પી લો... પછી વાત કરીશું.'

થોડા મહિનાઓ પછી પડોશની એક વૃદ્ધ મહિલાને તેમનો દીકરો વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો. આખો મહોલ્લો તેને દોષ આપવા લાગ્યો. કાવ્યા પણ બોલી, 'કેવો નિષ્ઠુર દીકરો !' પણ કમલાબેન બોલ્યાં, 'આખી વાત જાણ્યા વગર ક્યારેય કોઈ પર નિર્ણય ન કરવો.'

બે દિવસ પછી ખબર પડી કે દીકરો પોતે કેન્સરની સારવાર માટે બીજા શહેર જઈ રહ્યો હતો. માતાને એકલી મૂકવા કરતાં સારી સંભાળ મળે તે માટે વૃદ્ધાશ્રમમાં રાખી હતી. કાવ્યાનું માથું શરમથી ઝૂકી ગયું. કમલાબેને કહ્યું, 'અડધું સત્ય ઘણીવાર

આખા અસત્ય કરતાં વધુ ખતરનાક હોય છે.' તે દિવસ પછી કાવ્યાએ કોઈ વિશે તરત અભિપ્રાય આપવાનું છોડી દીધું. વર્ષો વીતી ગયા. કમલાબેન વૃદ્ધ થઈ ગયા.

એક દિવસ તેમણે ફરી એ જ ચાવીઓનો ઝૂડો કાવ્યાના હાથમાં આપતાં કહ્યું, 'આજથી આ ઘર સંપૂર્ણપણે તારું છે.' કાવ્યાની આંખો ભીની થઈ ગઈ. 'મમ્મીજી, ચાવીઓ તો તમે મને વર્ષો પહેલાં જ આપી દીધી હતી.' કમલાબેન સ્મિત સાથે બોલ્યાં, 'ના વહુ... એ દિવસે મેં તને માત્ર લોખંડની ચાવીઓ આપી હતી. આજે હું તને આ ઘરના સંબંધોની ચાવી આપી રહી છું.'

'એ કઈ ?'

કમલાબેન ધીમેથી બોલ્યાં, 'જે ઘરમાં લોકો એકબીજાને સમજ્યા પહેલાં નિર્ણય નથી આપતા, ત્યાં સંબંધો ક્યારેય વૃદ્ધ થતા નથી.'

થોડાં વર્ષો પછી કાવ્યા પોતે સાસુ બની. એક દિવસ તેની વહુના હાથેથી તેની સૌથી પ્રિય ચાની કેટલી તૂટી ગઈ. વહુ ડરના માર્યા રડવા લાગી. કાવ્યાએ હસીને માત્ર એટલું જ કહ્યું, 'દીકરી... આજે નહીં. અમારા ઘરમાં કોઈની પણ ભૂલનો નિર્ણય બીજા દિવસે થાય છે.' વહુ આશ્ચર્યથી તેને જોતી રહી. કાવ્યાની આંખોમાં પોતાની સાસુની છબી તરતી હતી. તે સમજી ગઈ હતી કે ઘર ઈંટ-પથ્થરથી નહીં, પરંતુ એવા સંસ્કારોથી બને છે જે સંબંધોને તૂટતા બચાવે છે.

અને ત્યારથી એ ઘરમાં એક સુંદર પરંપરા શરૂ થઈ - ગુસ્સામાં ક્યારેય નિર્ણય નહીં લેવાય. પહેલા એક રાત પસાર થશે, પછી વાત થશે.

કદાચ એટલા માટે જ એ ઘરમાં ક્યારેક વાસણો તૂટતા હતા, પરંતુ સંબંધો ક્યારેય તૂટતા નહોતા.

**- અજ્ઞાત**

# રજિ. કો-ઑપ. સોસાયટીમાં વૈકલ્પિક નોમિનેશન કાયદેસર કરવું જોઈએ

**કિશોર એમ. શાહ (સોલિસિટર)**

☐ દરેક રજિસ્ટર્ડ કો-ઑપ. સોસાયટીમાં જે વ્યક્તિનાં નામ પર શૅર સર્ટિફિકેટ હોય એને તેના કાયદેસરના વારસદારના નામ પર નોમિનેશન કરવાનો હક છે. આને માટે થઈને કો-ઑપ. સોસાયટીના કાયદા પ્રમાણે ફોર્મ નં. ૧૪ હેઠળના બાય-લૉઝ નં. ૩૨ નોમિનેશન કરી શકે છે. નોમિનેશન ફોર્મ ટ્રિપ્લિકેટમાં ફાઈલ કરવાનું હોય છે. પહેલી બે કોપી સોસાયટી લઈ લે છે અને ત્રીજી કોપી સોસાયટીનાં સેક્રેટરી રબર સ્ટેમ્પ મારીને આપે છે. ત્યાર પછી તે નોમિનેશન મૅનેજિંગ કમિટીની મિટિંગમાં મુકાય છે અને જે મૅનેજિંગ કમિટીની મિટિંગમાં તે નોમિનેશન પાસ થયું હોય તેની તારીખ પણ લખવી પડે છે અને ત્યાર પછી તે નોમિનેશન રજિસ્ટર્ડમાં તેની એન્ટ્રી કરવી પડે છે અને તે રેસોલ્યુશનનો સિરિયલ નંબર અપાય છે કે જે બહુ મહત્ત્વનો છે. નોમિનેશન કરવાથી જેની તરફેણમાં નોમિનેશન કરાયું હોય તેનો કોઈ જાતનો કાયદેસરનો હક થતો નથી અને જે વ્યક્તિએ નોમિનેશન કરેલું હોય અને સંજોગો બદલાય તો જૂનું નોમિનેશન કેન્સલ કરીને નવું નોમિનેશન પણ કરી શકે છે. નોમિનેશન કરવાનો મોટામાં મોટો ફાયદો એ છે કે નોમિનેશન બધી રીતે કાયદેસર હોય અને તે વ્યક્તિ ગુજરી જાય તો સોસાયટી ફ્લેટ ટ્રાન્સફર કરવા માટે તેની પાસે થી પ્રોબેટ માગી શકતી નથી.

■ નોમિનેશનમાં વૈકલ્પિક નોમિનેશનની શું કામ જરૂર પડે છે ?

☐ સામાન્ય રીતે પતિના નામ પર ફ્લૅટ હોય અને તેણે પત્નીનાં નામ પર નોમિનેશન કરેલું હોય, પરંતુ મોટામાં મોટો પ્રશ્ન ત્યારે થાય છે કે કોઈ પણ અકસ્માતમાં બન્ને જણા જો એકસાથે ગુજરી જાય તો શું કરવું ? આવા સંજોગોમાં સોસાયટીમાં વૈકલ્પિક નોમિનેશન કરેલું હોય એટલે કે પતિએ પત્નીની તરફેણમાં નોમિનેશન કરેલું હોય તેની ઉપરાંત એ જ નોમિનેશન ફોર્મમાં બીજો ક્લોઝ એ પ્રમાણે લખવો કે કોઈ પણ સંજોગોમાં પતિ અને પત્નીનું કોઈ અકસ્માતમાં એકસાથે મૃત્યુ થઈ જાય એવા સંજોગોમાં જ બીજે વૈકલ્પ અમલમાં આવશે.

ઘણી સોસાયટીના સેક્રેટરી કે હોદ્દેદારો આવું મહત્ત્વ નથી સમજતા કે વૈકલ્પિક નોમિનેશન પણ કાયદેસર છે અને સેકન્ડ વૈકલ્પ ફક્ત બન્ને વ્યક્તિ ગુજરી જાય તો જ અમલમાં આવશે. હમણાં હમણાં પ્લેનમાં અને ગાડીઓમાં એવા અકસ્માતો થયા છે કે જેમાં પતિ અને પત્ની બન્ને એકસાથે ગુજરી ગયા હોય અને તેમના છોકરા કે છોકરીઓ જ્યારે સોસાયટીમાં ફ્લૅટ ટ્રાન્સફર કરવા માટે જાય છે ત્યારે પતિએ પત્નીના નામ પર નોમિનેશન કરેલું હોય, પરંતુ બન્ને જણ એકસાથે ગુજરી ગયા છે એટલે છોકરા કે છોકરીના નામ પર ફ્લેટ ટ્રાન્સફર કરવા માટે સોસાયટી પ્રોબેટ માગી શકે છે.

આવા સંજોગોમાંથી બચવા માટે વૈકલ્પિક નોમિનેશન કરવાનો કાયદેસરનો હક ખાસ જરૂર છે.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા-મુંબઈ
## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય
# ચાતુર્માસ નિભાવ ફંડ ૨૦૨૬

**રૂા. ૫૧,૦૦૦/-**

- સ્વ. નંદલાલ તારાચંદ વોરા પરિવાર
   હ. શ્રી બિપીનભાઈ નંદલાલ વોરા

**દરેકના રૂા. ૨૫,૦૦૦/-**

- શ્રી પંકજભાઈ વી. સંઘવી
- શ્રીમતી મનિષાબેન એમ. શાહ
- શ્રી કિરીટભાઈ વી. શેઠ
- શ્રી મહેશભાઈ પી. વોરા
- શ્રીમતી શ્રુતીબેન એમ. શાહ
- પૂ. માતુશ્રી જ્યોત્સનાબેન જવાહરભાઈ વોરા
  હ. શ્રી હિમાંશુભાઈ જે. વોરા
- શ્રીમતી મીરાબેન એસ. શાહ

**દરેકના રૂા. ૧૧,૦૦૦/-**

- શ્રીમતી પ્રજ્ઞાબેન અનિલભાઈ સંઘવી
  હ.શ્રી અનિલભાઈ હીંમતલાલ સંઘવી
- સ્વ. હેમલતાબેન અને સ્વ. કનૈયાલાલ ગાંધી
  હ. શ્રીમતી ઉર્મિલાબેન નરેન્દ્રભાઈ ગાંધી
- શ્રી હિતેષભાઈ ભગવાનલાલ શાહ
  હ. શ્રીમતી પ્રિતીબેન હિતેષભાઈ શાહ
- શ્રીમતી હીનાબેન મુકેશભાઈ શાહ
  હ. શ્રી મુકેશભાઈ રસીકલાલ શાહ- ચશ્માવાળા
- પૂ. માતુશ્રી સુભદ્રાબેન બચુભાઈ દોશી
  હ. શ્રીમતી શીલાબેન મહેશભાઈ દોશી
- પૂ. માતુશ્રી કિરણબેન પ્રવિણચંદ્ર દોશી
  હ. શ્રીમતી તેજલ નિરવભાઈ દોશી
- માતુશ્રી સરોજબેન પુનમચંદ અજમેરા
  હ. શ્રીમતી મનિષા વિજયભાઈ અજમેરા
- કુ. તરલીકાબેન લાભુલાલ તુરખીયા
  હ.શ્રી અશોકભાઈ અને અતુલભાઈ તુરખીયા
- પૂજ્ય માતુશ્રી શારદાબેન બચુભાઈ જોબાલીયા
  હ. શ્રી જયેશભાઈ બચુભાઈ જોબાલીયા
- શ્રી ભરતભાઈ જયંતીલાલ મહેતા
- પૂ. માતુશ્રી પ્રવિણાબેન ન્યાલચંદ ગોપાણી
  હ. શ્રીમતી સોનલબેન રાકેશભાઈ ગોપાણી
- શ્રી મુલચંદ ગાંડાલાલ ગોસલીયા
  હ. શ્રી ચેતનભાઈ મુલચંદભાઈ ગોસલીયા
- પૂ. માતુશ્રી સ્મીતાબેન ભરતભાઈ ખંધાર
  હ. શ્રીમતી મીલીબેન નીરવભાઈ ખંધાર
- શ્રી જયંતીલાલ મનસુખલાલ ગોપાણી
  હ. શ્રીમતી જિગ્ના રાજેશભાઈ ગોપાણી
- શ્રી સરયુબેન નવલચંદ દોશી
  હ. શ્રીમતિ પ્રવિણાબેન પરેશભાઈ દોશી
- શ્રી અતુલભાઈ એ. શાહ
  હ. શ્રીમતી આરતીબેન અતુલભાઈ શાહ
- શ્રી દર્શક ચંદ્રકાન્તભાઈ શાહ
  હ. શ્રીમતી દિગ્નાબેન દર્શકભાઈ શાહ
- માતુશ્રી મુક્તાબેન જયંતિલાલ મહેતા
  હ. શ્રીમતી પ્રતિમાબેન હસમુખભાઈ મહેતા

❖❖❖

## ક્યાંથી હોય ?

વસ્ત્રો થઈ ગયા ટુંકા
લાજ ક્યાંથી હોય ?
અનાજ થઈ ગયા હાઈબ્રીડના
તાકાત ક્યાંથી હોય ?
નેતા થઈ ગયા ખુરશીના
દેશપ્રેમ ક્યાંથી હોય ?
ફૂલો થઈ ગયા પ્લાસ્ટીકના
સુગંધ ક્યાંથી હોય ?
ચહેરા થઈ ગયા મેકઅપના
રૂપ ક્યાંથી હોય ?
શિક્ષકો થઈ ગયા ટ્યુશનીયા
વિદ્યા ક્યાંથી હોય ?
ભોજન થઈ ગયા હોટલના
તંદુરસ્તી ક્યાંથી હોય ?
પ્રોગ્રામ થઈ ગયા કેબલના
સંસ્કાર ક્યાંથી હોય ?
માણસ થઈ ગયા પૈસાના
દયા ક્યાંથી હોય ?
ધંધા થઈ ગયા હરીફાઈના
બરકત ક્યાંથી હોય ?
ભક્તો થઈ ગયા સ્વાર્થના
ભગવાન ક્યાંથી હોય ?
મામા થઈ ગયા કંશ
કૃષ્ણ ક્યાંથી હોય ?
લોકો થઈ ગયા સ્વાર્થી
સંપ ક્યાંથી હોય ?
જજ થઈ ગયા વેપારી
ન્યાય ક્યાંથી હોય ?
કર્મ કાંડી થઈ ગયા સ્વાર્થી
મોક્ષ ક્યાંથી હોય ?
સમજ થઈ ગઈ ટૂંકી
સંયુક્ત પરિવાર ક્યાંથી હોય ?

**સુધારો**

જુલાઈ - ૨૦૨૬ની માસિક પત્રિકા પાના નં ૭ પર ચુંટણીના અહેવાલમાં તા. ૦૭-૦૬-૨૦૨૬ ના રોજ ચુંટણી યોજાયેલ હતી. શરત ચુકથી તા. ૦૧-૦૫-૨૦૨૩ છપાયેલ છે.

